


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૭-૦૭-૨૦૨૪ રવિવાર

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૪,૬૯૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૬-૦૭-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ અષાઢ સુદ ૨ વર્ષ : ૨૮ અંક ૨૭૯

# હિન્દુઓ ઉપર શ્રી રાહુલ ગાંધીએ આંતકવાદીઓની જેમ હુમલો કર્યો છે : શ્રી સંઘાણી

## કોંગ્રેસનાં શ્રી રાહુલ ગાંધીને આડે હાથ લેતા શ્રી દિલીપ સંઘાણી

અમરેલી,

લોકસભાના વિરોધપક્ષના નેતાશ્રી રાહુલ ગાંધી અને કેન્દ્રના મંત્રીશ્રી અમિતશાહ પણ ગુજરાતના પ્રવાસે છે. દરમિયાન સહકાર કાર્યક્રમમાંથી લોકોનું અન્યત્ર ધ્યાન દોરવાના આશ્રય સાથે કે



પછી અન્ય કોઈ કારણે રાહુલ ગાંધીએ આવુ કૃત્ય કર્યુ હોવાનુ જણાવી ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે લોકસભામાં શ્રી રાહુલ

(અનુ.પાના નં.૫)
























### સારંગપુરમાં ભાજપના વરિષ્ઠ આગેવાનો અને અપેક્ષીત હોદેદારો વચ્ચે યોજાયેલી

# ભાજપની પ્રદેશ કારોબારીમાં અમરેલીનો દબદબો

**રાજકોટના સાંસદ અને ભાજપના દિગ્ગજ આગેવાન શ્રી પરશોત્તમભાઇ રૂપાલા, ધારાસભ્ય શ્રી જેવી કાકડીયા પુર્વ સરપંચ શ્રી જીતુભાઇ જોષીની ટીમની ઉપસ્થિતિ**

**શ્રી ભુપેન્દ્ર પટેલ, શ્રી પાટીલ, શ્રી રત્નાકરની ઉપસ્થિતિમાં ભાજપની કારોબારી બેઠકમાં અમરેલી જિલ્લાના ભાજપના કાર્યકરો અને હોદેદારોએ જોડાઇ અને માર્ગદર્શન મેળવ્યું**



અમરેલી,(ડેસ્ક રિપોર્ટર) બોટાદના સારંગપુરમાંભાજપનાવરિષ્ઠઆગેવાનો અને અપેક્ષીત હોદેદારો વચ્ચે યોજાયેલી ગુજરાત ભાજપની પ્રદેશ કારોબારીમાં અમરેલીનો દબદબો દેખાયો હતો રાજકોટના સાંસદ અને ભાજપના દિગ્ગજ આગેવાન શ્રી પરશોત્તમભાઇ રૂપાલા, ધારીના ધારાસભ્ય શ્રી જેવી કાકડીયાધારીનાપુર્વસરપંચશ્રીજીતુભાઇ જોષીની ટીમ કારોબારીમાં ઉપસ્થિતરહી હતી મુખ્યમંત્રીશ્રી શ્રીભુપેન્દ્રપટેલ,પ્રદેશ અધ્યક્ષશ્રીસીઆરપાટીલ,સંગઠનના શ્રી રત્નાકરની ઉપસ્થિતિમાં ભાજપની કારોબારી બેઠકમાં અમરેલી જિલ્લાના ભાજપના કાર્યકરો અને હોદેદારોએ જોડાઇ અને માર્ગદર્શન મેળવ્યું હતુ.

### નાગરિક બેન્કના રિકવરી ઓફિસરશ્રી નાકરાણીએ કોર્ટમાં અરજી કરતાં

## અમરેલી નાગરિક બેન્કનાં બાકીદારનાં ચેક રિર્ટનનાં કેસમાં છ માસની સજા કરાઇ

**બાકીદાર હાજી અલારખભાઇ ચાવડાનો કેસ ચાલી જતાં ૬ માસની સાદી કેદ અને ૯ ટકા વ્યાજ સાથે રકમ ચુકવાનો આદેશ કર્યો**

અમરેલી,અમરેલી બેંકમાંથી ચેક રીર્ટન થવાના કિસ્સાઓમાં આકરી સજા મળે અને ચેકરીર્ટનના બનાવો અટકે તેવી પ્રતિબધ્ધતા સાથે નાગરિક સહકારી બેંક આગળ વધી રહી છે.હાજીભાઈ અલારખભાઈ ચાવડા રે.શેરીનં.-૨,કુંભારવાડા, અમરેલી પાસે બેંકની કાયદેસરની રકમ બાકી હોય જે પેટે તેઓએ ચેક આપતા તે ચેક તેમના ખાતામાં અપૂરતી રકમ હોવાના કારણે ચેક રીર્ટન થતા કાયદાકીય જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવાનો બેંકનો અધિકાર હોય અને અગાઉ પણ આ દિશામાં કડક પગલા ભરતા નાગરિક સહકારી બેંકે બાકીદારો સામે ચેક રીર્ટનના કિસ્સામાં કાર્યવાહી કરી હતી ત્યારે વધુ એક વખત નાગરિક સહકારી બેંકના દિર્ઘદ્રષ્ટા પૂર્વ ચેરમેન શ્રી પી.પી. સોજીત્રાના માર્ગદર્શન હેઠળ બેંકના રીકવરી ઓફીસર શ્રી અજયભાઈ નાકરાણીએ હાજીભાઈ અલારખભાઈ ચાવડા વિરૂધ્ધ ધી, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ કેસ દાખલ કર્યો હતો આ કાયદા હેઠળ થતા આર્થિક અનિયમિતતાના બનાવો અટકાવવા અને પ્રત્યેક ગ્રાહકને સુરક્ષિત રાખવાના મુદે બેંકે કડક કાર્યવાહી કરી હતી. આ કેસમાં અમરેલીના મહે.થર્ડ એડી.સિનિયર સીવીલ જજ અને. એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ ની કોર્ટ દ્વારા ચુકાદો સંભળાવતા છ માસની સાદી સજાનો અને રૂા.૨૫,૦૦૦/- ફરીયાદ તારીખથી ૯ ટકા સાદા વ્યાજ ચુકવવાનો તા.૦૫/૦૭/૨૦૨૪ ના રોજ હુકમ થયો છે.જેમાં બેંકના વકીલ તરીકે સંજયભાઈ ડી.ચાવડા અને અજયભાઈ જે રાઠોડ રોકાયેલ હતા.તેમજ બેંકના બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે.તેવુ બેંક મેનેજર શ્રી દિલીપભાઈ ધોરાજીયાની યાદીમાં જણાવ્યુ છે.

## નેશનલ લેવલ વર્કશોપમાં અમરેલી જિલ્લાના શિક્ષકોનું આગવું પ્રદર્શન

**સીસીઆરટી હૈદરાબાદ ખાતે પ્રદર્શન યોજાયેલું**



અમરેલી,

તાજેતરમાં સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર દ્વારા CCRT- હૈદરાબાદ (તેલંગણા)ખાતે તા. ૧૯/૬/૨૦૨૪ થી તા. ૩/૭/૨૦૨૪ દરમિયાન આયોજિત 'રોલ ફ પપેટ્રી' વર્કશોપમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી દ્વારા મોકલવામાં આવેલ જિલ્લાના શિક્ષકોએ ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કર્યું. દેશના વિભિન્ન રાજ્યો ગુજરાત, કર્ણાટક, રાજસ્થાન, છત્તીસગઢ, ઝારખંડ,હરિયાણા,મહારાષ્ટ્ર વગેરેના પ્રાથમિક શિક્ષકો માટે યોજાયેલ આ વર્કશોપમાં અમરેલીના શિક્ષકોએ પોતાની કળાને આગવી રીતે રજૂ કરી, ઉત્તમ નેતૃત્વ પૂરું પાડેલ. જેમાં અમરેલી જિલ્લાના શિક્ષકો ઉમેશ ચાવડા - ચલાલા, દેવેન ભટ્ટ - ગોપાલગ્રામ, સંજય મકવાણા - ચારોડિયા, વર્ષાબેન શાહ - સાજણટિંબા, દિપાલીબેન પંડ્યા -બાબરકોટ દ્વારા પૂતળી કલા નિદર્શન કરી મંત્રમુગ્ધ કરેલ. સાથે પૂતળી કલાનું વિશેષ પ્રશિક્ષણ લેવામાં આવેલ, જેનો લાભ જિલ્લાની વિભિન્ન શાળાઓને મળશે.

### વિવિધ હિન્દુ સંસ્થાઓ દ્વારા

## બાબરામાં તાલુકા વિહિપના પ્રમુખ અને ગૌરક્ષક ગજેન્દ્ર શેખવાની પાસા હેઠળ અટકાયત થતા આવેદન અપાયું

**ગૌરક્ષા સહિત વિવિધ સામાજિક પ્રવૃતિઓ કરતા હોવાથી કિન્નાખોરીના ભોગ બન્યા**



બાબરા, (દિપક કનૈયા)

બાબરામાં તાલુકા વિશ્વ હિન્દુ પરિષદ અને ગૌરશક ગજેન્દ્ર શેખવાની કોઈ ફરિયાદ સબબ પાસા હેઠળ અટકાયત કરી પાલનપુર જેલ હવાલે કરવામાં આવતા તેના ઘેરા પડઘા અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત માં વિશ્વ પરિષદ અને જીવદયા પરિવાર માં પડ્યા છે અને અને ભારે વિરોધ સાથે આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી ગજેન્દ્ર શેખવાને તાત્કાલિક અસરથી પાસામાંથી નિર્દોષ છોડી મુકવા પ્રબળ માંગ કરવામાં આવી રહી છે. ત્યારે બાબરામાં વિશ્વ હિન્દુ પરિષદ, આર એસ એસ,કિસાન સંઘ,ચેમ્બર ઓફ કોમર્સ,વેપારી મહા મંડળ,અને જીવદયા પરિવાર સહિતના અનેક દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મામલતદાર ને આવેદનપત્ર ના સ્વરૂપ માં રજુઆત કરી જણાવ્યું હતું કે ગજેન્દ્ર શેખવા બાબરામાં રહી હિન્દૂ જાગૃતિ ના કાર્યક્રમો કરી રહ્યા છે અને સાથે સાથે પર્યાવરણ બચાવો, તેમજ ગોરક્ષા જેવી મહત્વની કામગીરી વર્ષોથી જીવના જોખમે કરી રહ્યા છે ત્યારે પવણચક્કી ના પર્યાવરણ મુદામાં સ્થાનિક દ્વારા ખોટી રીતે તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી કિનાખોરી રાખી પાસા જેવી કડક કાર્યવાહી કરવામાં આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે ગજેન્દ્ર શેખવા શહેર ના દરેક સામાજિક જવાબદારી ની સાથે સૌ કોઈ સાથે હલી મળી રહે છે ત્યારે તેની ઉપર કોઈ માથા ભરેલ ઈસમ હોય તેવી કાર્યવાહી થતા ગૌરશક ભારો ભાર રોષ જોવા મળી રહ્યો છે. રાજ્ય સરકાર અને રાજ્યપાલ ને મામલતદાર મારફત પાઠવેલ આવેદનપત્ર માં તાત્કાલિક અસરથી ગૌરશક ગજેન્દ્ર શેખવાને છોડી મુકવામાં આવે તેવી પ્રબળ માંગ કરવામાં આવી છે

### ડેપ્યુટી કલેકટરના અધ્યક્ષ સ્થાને

## રાજુલામાં સંકલન સમિતિની બેઠક મળી

**ખેડૂતોને ૨૦૧૯ ના પાક વીમાની રકમ ફાળવવા તેમજ ત્રણ પ્રશ્નોની સંકલનમાં રજૂઆત**



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા જાફરાબાદ વિસ્તારના ત્રણ મહત્વના પ્રશ્નો બાબતે રજૂઆત કરવામાં આવી છે અને ફરિયાદ સંકલનમાં આ પ્રશ્નોનું નિરાકરણ માટે અધિકારીઓ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.જાણવા મળતી વિગત મુજબ આજરોજ ફરિયાદ સંકલન ની મિટિંગમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અધિકારીઓ સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું હતું કે ખેડૂતોના ના પાક વીમા રકમમાં ખાતા નંબરમાં જે વિસંગતતા છે અને નાના નાના કવેરી જેટલા પ્રશ્નો છે તે પ્રશ્નો દૂર કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત રાજુલા શહેરમાં વિવિધ વિસ્તારોમાં ચોમાસાને લીધે જ્યાં જ્યાં ખાડાઓ પડી ગયેલ છે તે ખાડાઓ વહેલી તકે પુરવામાં આવે તેવી નગરપાલિકાના સત્તાધીશોને ફરિયાદ સંકલનમાં આપી અને કડક સાથે કામગીરી કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી આ ઉપરાંત રાજુલા બાઢડા રોડ ડી એલ આર દ્વારા માપણી અને સર્વેની કામગીરી છેલ્લા ઘણા સમયથી કરવામાં આવી નથી જેથી ખેડૂતોને રજૂઆત અસંખ્ય આવી રહી છે ત્યારે તેની માપણી અને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવે. આ તમામ પ્રશ્ન સંત ફરિયાદ સંકલન સમિતિમાં આજરોજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિતના આગેવાનોએ પ્રાંત કલેકટર તેમજ મામલતદાર સમક્ષ તમામ અધિકારીઓને રજૂઆત કરી હતી.

### અમરેલીની બ્રાહ્મણ સોસાયટીનાં પાણીના ટાંકા પાસે ફાયર ફાઇટર દોડયું

## હમણા ધડાકો થશે...અમરેલીના મકાનમાં ગોદડુ સળગાવી ગેસનો બાટલો લીકેજ કરાયો

**અમરેલી ફાયર ફાઇટરે સમયસર જઇ અને મકાનમાં લાગેલી આગને ઓલવી નાખતા મોટી દુર્ઘટના અટકી ગઇ**

અમરેલી,

અમરેલીની બ્રાહ્મણ સોસાયટીનાં પાણીના ટાંકા પાસે રાત્રે કોલથી ફાયર ફાઈટર દોડયું હતુ સ્થળ પર ગયેલા ફાયર સ્ટાફને મળેલી પ્રાથમિક વિગત અનુસાર એક પાકા મકાનમાં રહેતા શખ્સે મકાનની અંદર ગોદડુ સળગાવી ગેસનો બાટલો લીક કરી મકાનને લોક કરી બાજુના પાડોશીને કહેતો ગયો હતો કે હમણા ધડાકો થશે.

ગોદડામાં લાગેલી આગ જોઈ કોઈએ ફાયર ફાઈટરને જાણ કરતા અમરેલી ફાયર ફાઈટરે સમયસર જઈ અને મકાનમાં લાગેલી આગને ઓલવી નાખતા મોટી દુર્ઘટના અટકી ગઈ હતી. આ શખ્સે આ કૃત્ય શા માટે કર્યુ તેની તપાસ પોલીસ તંત્રએ કરવી જોઈએ.

### બ્રહ્માકુમારી અમરેલી દ્વારા

## જેસીંગપરામા નટ બજાણીયા સમાજના 300 ભાઈ બહેનોએ નશા મુક્તિના શપથ લીધા



અમરેલી,

અમરેલી જેસીંગપરા ખાતે આવેલ નટ બજાણીયાના સમાજના નિવાસ સ્થાને જઈ ભાઈ બહેનોને બ્ર.કુ. અર્ચનાબેને જણાવેલ કે દિવ્યગુણ સંપન્ન સતયુગી રાજકુમાર શ્રી કૃષ્ણ અથવા આસુરી અવગુણ વાળા વ્યસનરાજ બનવું છે. સભામાં હાજર રહેલ તમામે એકી રાજકુમાર શ્રી કૃષ્ણ બનવા પ્રતિજ્ઞા લીધી તથા ઘણા ભાઈઓએ આજથી જ વ્યસન ન કરવા જણાવેલ. આ નટ બજાણીયા સમાજના ભાઈ બહેનોએ બ્રહમાકુમારી ભાઈ બહેનોનું ઢોલ વગાડી ફૂલોની વર્ષા કરી ભવ્ય સ્વાગત કરેલ. આ સમયે નટ બજાણીયા સમાજના પ્રમુખ શ્યામશીંગ મોહનભાઈ બજાણીયાએ બ્રહમા કુમારી બહેનોને શાલ ઓઢાડી સન્માનિત કરેલ. બ્ર.કુ. પટોળીયા તથા બ્રહમાકુમારી જેસીંગપરા મનમનાભવન સેન્ટરના ભાઈ બહેનો એ નશામુક્ત નાટક દ્વારા સંદેશો આપ્યો હતો.

## રાજુલા અને જાફરાબાદનાં ત્રણ ગામોમાં ૧૩૦ વૃધ્ધોને સહાયક ઉપકરણ અપાયાં

**જીએચસીએલ ફાઉન્ડેશન ટ્રસ્ટ વિક્ટર અને હેલ્પેજ ઇન્ડિયાનું આયોજન**



રાજુલા, (કનુભાઈ વરૂ)જીએચસીએલ ફાઉન્ડેશન ટ્રસ્ટ-વિકટર અને હેલ્પેજ ઈન્ડિયાનાં સંયુકત ઉપક્રમે જરૂરીયાતમંદ ૧૩૦ વૃધ્ધોને સહાયક ઉપકરણોનું વિતરણ કરવામાંઆવ્યુહતું. જીએચસીએલ ફાઉન્ડેશન ટ્રસ્ટ વિક્ટર તથા હેલ્પેજ સંયુકત ઉપક્રમે રાજુલા અને જાફરબાદ તાલુકાનાં ત્રણ ગામોમાં જરૂરીયાતમંદ ૧૩૦ વૃધ્ધોને સહાયક ઉપકરણ જેવા કે લાકડી, ટ્રાઈ પોડ અને વ્હીલ ચેર જેવા સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા જીએચસીએલ લીમિટેડ અને સી.એસ.આર ટીમ તેમજ ગ્રામ્ય કક્ષાએથી સરપંચો, આગેવાનો અને યુવાનો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું હેલ્પેજ ઈન્ડીયાનાં શ્રી જયસુખભાઈ બારૈયા દ્વારા કરવામાં આવ્યુ હતુ.


**૨૪ વર્ષથી વિશ્વાસપાત્ર સ્થળ**

Haier Inspired Living | VOLTAS | BLUE STAR | Rockwell | HI-FROST

- સરળ હપ્તાની સુવિધા
- એક્સચેન્જ ઓફર
- કોપરપાઇપમાં પણ ઉપલબ્ધ

કંપની માન્ય ઓર્થો. ડીલર :

**તુલસી રેફ્રીજરેશન**

છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..

દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી

મો.૯૪૨૬૨ ૮૭૦૯૭



**શું તમને સાંભળવાની તકલીફ છે ?**

તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...

- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, **અમરેલી.**

મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮


### જાફરાબાદ નગરપાલિકા – જાફરાબાદ જિ. અમરેલી

### ઓનલાઇન જાહેર નિવિદા

આથી જાફરાબાદ નગરપાલિકા, જાફરાબાદ, જિ અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| **કામનં.૧: સ્વચ્છ ભારત મીશન અર્બન-૨ યોજના અંતર્ગત જુદા-જુદા વિસ્તારમાં એસ્પીરેશનલ પબ્લિક ટોઇલેટ, પબ્લિક ટોઇલેટ, યુરીનલ બ્લોકનું કામ. (ત્રણ-વર્ષના મરામત અને નિભાવણી સાથે).** | |
| અંદાજીત રકમ રૂા. ૫૬.૦૭ લાખ | કામની સમય મર્યાદાઃ ૬-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૫૬,૧૦૦/- | ટેન્ડર ફીઃ રૂા. ૨,૪૦૦/- |
| **કામનં.૨: સને ૨૦૨૪-૨૫ વર્ષની નિર્મળ ગુજરાત-૨.૦ યોજના અંતર્ગત વોર્ડનં.૧, હરકોરબાગ થી સનરાઇઝ સ્કૂલ સુધી આઇકોનિક રોડ ડેવલપમેન્ટની કામગીરી.** | |
| અંદાજીત રકમ રૂા. ૪૧.૩૦ લાખ | કામની સમય મર્યાદાઃ ૪-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૪૧,૫૦૦/- | ટેન્ડર ફીઃ રૂા. ૧,૫૦૦/- |
| **કામનં.૩: સને ૨૦૨૪-૨૫ વર્ષની નિર્મળ ગુજરાત-૨.૦ યોજના અંતર્ગત જુદા-જુદા વિસ્તારમાં ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ બ્યુટીફીકેશનની કામગીરી.** | |
| અંદાજીત રકમ રૂા. ૬.૬૭ લાખ | કામની સમય મર્યાદાઃ ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૭,૦૦૦/- | ટેન્ડર ફીઃ રૂા. ૯૦૦/- |
| **કામનં.૪: સને ૨૦૨૪-૨૫ વર્ષની ૧૫% વિવેકાધીન યોજના અંતર્ગત જુદા-જુદા વિસ્તારમાં ટ્રી-મીકસ સાથે સી.સી. રોડ, પીવીસી પાઇપ લાઇન અને પોલ સાથે એલ.ઇ.ડી. સ્ટ્રીટ લાઇટની કામગીરી.** | |
| અંદાજીત રકમ રૂા. ૨૦.૭૦ લાખ | કામની સમય મર્યાદાઃ ૪-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૨૧,૦૦૦/- | ટેન્ડર ફીઃ રૂા. ૯૦૦/- |
| વેબસાઇટનું નામઃ | www.tender.nprocure.com |
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોયુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય ૨૯/૦૭/૨૦૨૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી | |
| ઓરીજનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૦૫/૦૮/૨૦૨૪ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, જાફરાબાદ નગરપાલિકા, મું.જાફરાબાદ, જિ.અમરેલી | |
| ટેકનીકલ બિડખોલવાની તારીખઃ૦૬/૦૮/૨૦૨૪,નારોજ ૧૨.૦૦કલાકે | |
| પ્રાઇસ બિડખોલવાની તારીખઃ ૦૬/૦૮/૨૦૨૪,ના રોજ ૧૨.૩૦ કલાકે | |

કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોક્ત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર
જાફરાબાદ નગરપાલિકા

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૭-૦૭-૨૦૨૪ રવિવાર

# કોહલી, રોહિત અને રવીન્દ્ર જાડેજા ગૌરવપૂર્ણ ટી-ટ્વેન્ટી નિવૃત્તિ માટે દેશને સદાય યાદ રહેશે

દેશ પોતાના વિજયંત ક્રિકેટવીરોની પ્રતિક્ષા કરે છે. બાર્બાડોસમાં ઝંઝાવાતી હવામાનને કારણે ટીમ ઈન્ડિયા ફરજિયાત ત્યાં અટકી ગઈ છે. અનેક ફ્લાઈટ કેન્સલ થઈ છે. ભારતે બાર્બાડોસમાં દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમને ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો પછી ભારતીય ક્રિકેટ ટીમના ત્રણ દિગ્ગજ ખેલાડીઓએ ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી. ભારતે બીજી વખત ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યો પછી કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલીએ શનિવારે નિવૃત્તિની જાહેરાત કરી હતી. રવિવારે જાડેજા પણ આ બંને ક્રિકેટરો સાથે જોડાઈ ગયો અને તેણે ઈન્ટરનેશનલ ટી ૨૦ ક્રિકેટને અલવિદા કહી દીધું છે.

આ ત્રણ ધુરંધરો પૈકી સૌથી પહેલાં વિરાટ કોહલીએ ઈન્ટરનેશનલ ટી ૨૦માંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી. ફાઈનલમાં પ્લેયર ઓફ ધ મેચ પસંદ થયા બાદ વિરાટ કોહલીએ પ્રેઝન્ટેશન વખતે એલાન કરી દીધું કે, આ મારો છેલ્લો ટી ૨૦ વર્લ્ડ કપ હતો અને ભારત પણ આ મારી છેલ્લી ટી ૨૦ મેચ હતી. વિરાટની જાહેરાતના એકાદ કલાક પછી કેપ્ટન રોહિત શર્માએ પણ ટી૨૦ ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી નાખી. પ્રેઝન્ટેશન સેરેમની પતી પછી રોહિત શર્માએ પ્રેસ કોન્ફરન્સમાં ઈન્ટરનેશનલ ટી૨૦ ફોર્મેટમાંથી સંન્યાસની જાહેરાત કરતાં કહ્યું કે, આ મારી પણ છેલ્લી મેચ છે અને ઈન્ટરનેશનલ ટી ૨૦ અલવિદા કહેવા માટે આનાથી વધુ સારો સમય બીજો કોઈ હોઈ શકે નહીં. આ બંને દિગ્ગજોની જાહેરાત પછી બીજા દિવસે રવીન્દ્ર જાડેજાએ પણ ટી ૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી નાખી.

વિરાટ કોહલી, રોહિત શર્મા અને રવીન્દ્ર જાડેજા ત્રણેયે એક સાથે નિવૃત્તિની જાહેરાત કરીને ક્રિકેટ ચાહકોને નાનકુંસરપ્રાઈઝ આપી દીધું એમ કહી શકાય કેમ કે ભારતમાં કોઈ પણ ક્ષેત્રમાં લોકો ઝડપથી ખસતા જ નથી. તેમાં પણ અત્યારે તો ભારતીય ક્રિકેટ ટીમ ટોપ પર છે ને આ ત્રણેય ખેલાડી વ્યક્તિગત રીતે પણ લોકોના હીરો છે. તેના જોરે બીજા ચાર-છ મહિના આરામથી ખેંચી શકે તેમ છે પણ એવું કરવાના બદલે તેમણે ખસી જવાનું નક્કી કરીને ખરેખર બહુ શાણપણ બતાવ્યું છે. કારકિર્દીમાં સર્વોચ્ચ શિખરે પહોંચ્યા પછી નિવૃત્ત થવું બહુ અઘં હોય છે ને વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજાએ ત્રણેયે એ અઘં કામ કરી બતાવ્યું એ બદલ તેમને સલામ મારવી જોઈએ. વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજા ત્રણેયે સમયસર લોકોની નજરમાં હીરો છે ત્યારે જ નિવૃત્તિની જાહેરાત કરીને પોતાની કારકિર્દીને વધારે યશસ્વી બનાવી દીધી છે એમ કહી શકાય.

વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજાએ પોતપોતાની ઈન્ટરનેશનલ ક્રિકેટ કારકિર્દીમાં પોતાનાથી શક્ય હતો એવો શ્રેષ્ઠ દેખાવ કરી લીધો અને હવે આનાથી બહેતર દેખાવ કરી શકે તેમ નથી. રોહિત શર્માએ ઈન્ટરનેશનલ કરિયરમાં ૧૫૯ મેચોની ૧૫૧ ઈનિંગમાં ૩૧.૩૪ની એવરેજ અને ૧૪૦.૮૯ની સ્ટ્રાઈક રેટથી ૪૨૩૧ રન બનાવ્યા છે કે જેમાં ૫ સદી અને ૩૨ અડધી સદી છે. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં રોહિત શર્મા સૌથી વધુ રન ફટકારવામાં બીજા નંબરે છે. રોહિત શર્માએ ૮ મેચની ૮ ઈનિંગ્સમાં ૩૬.૭૧ની એવરેજ અને ૧૫૬.૭૧ની સ્ટ્રાઈક ૨૫૭ રન નોંધાવ્યા હતા. અફઘાનિસ્તાનના રહેમાનુલ્લાહ ગુરબાઝે ૮ મેચમાં ૨૮૧ રન બનાવ્યા હતા. રોહિતે પોતાની છેલ્લી ઈનિંગમાં ૯૨ રન બનાવ્યા હતા અને થોડાક વધારે રન કર્યા હોત તો ટોપ પર હોત.

રોહિત શર્મા ટી ૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટના ફોર્મેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે અને ગ્લેન મેક્સવેલ સાથે સૌથી સદી ફટકારવામાં ટોપ પર છે. બેટ્સમેન તરીકે હવે રોહિત શર્મા વધારે કંઈ કરી શકે તેમ નથી. એક ખેલાડી તરીકે રોહિત શર્મા ૨૦૦૭ની મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં વર્લ્ડકપ જીતનારી ભારતીય ટીમનો સભ્ય હતો ને બે વર્લ્ડકપ જીતનાર ટીમના સભ્ય હોવું બહુ મોટા ગૌરવની વાત છે. 'કેપ્ટન તરીકે પણ રોહિત શર્માનો રેકોર્ડ છે. કપિલ દેવ (૧૯૮૩) અને મહેન્દ્રસિંહ ધોની (૨૦૦૭ અને ૨૦૧૧) પછી રોહિત શર્મા ભારતનો વર્લ્ડ કપ જીતનારો ત્રીજો ભારતીય કેપ્ટન બન્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૫૦ ટી ૨૦ મેચ જીતનારો પ્રથમ કેપ્ટન છે. આ વખતે રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતે એક પણ મેચ હાર્યા વિના વર્લ્ડકપ જીતનારી સૌપ્રથમ ટીમ બનવાનું ગૌરવ છે અને કેપ્ટન તરીકે રોહિત શર્માએ ભારતના ૧૧ વર્ષ જૂના આઈસીસી ટ્રોફીના દુકાળનો પણ અંત આણ્યો છે.

વિરાટ કોહલીની ઈન્ટરનેશનલ ટી ૨૦ ક્રિકેટ કારકિર્દી પણ યશસ્વી છે. વિરાટે ૧૨૫ મેચની ૧૧૭ ઈનિંગ્સમાં ૪૮.૬૯ની એવરેજ સાથે ૪૧૮૮ રન બનાવ્યા છે કે જેમાં એક સદી અને ૩૮ અડધી સદી છે. વિરાટ ટી ૨૦માં સર્વશ્રેષ્ઠ સ્કોર અણનમ ૧૨૨ રન હતો. વિરાટ કોહલી ૩૧ વખત અણનમ રહ્યો છે અને તેણે ૩૬૯ ફોર અને ૧૨૪ સિક્સર ફટકારી છે. ભારતીય ટીમે ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવ્યું તેમાં વિરાટ કોહલીએ ટીમ માટે ૭૬ રનની મહત્ત્વપૂર્ણ ઈનિંગ રમી હતી અને પ્લેયર ઓફ ધ બન્યો હતો.

રવીન્દ્ર જાડેજાની કારકિર્દી પણ સારી જ છે. જાડેજાએ ભારત માટે ૭૪ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે કે જેમાં ૫૧૫ રન બનાવ્યા અને ૫૪ વિકેટ લીધી. સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર તરીકે જાડેજા લાંબા સમયથી ભારતીય ટીમમાં છે. ફેબ્રુઆરી ૨૦૦૯ માં શ્રીલંકા વિરુદ્ધ પહેલી મેચ રમનારા જાડેજાનું શ્રેષ્ઠ પ્રદર્શન ૨૦૨૨ ઈંગ્લેન્ડ સામે હતું કે જ્યાં તેણે ૨૯ બોલમાં ૪૬ રન બનાવ્યા હતા. ભારતીય ટીમે આ મેચ ૪૯ રને જીતી લીધી હતી. બોલિંગમાં તેનું શ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન ૨૦૨૧ ટી ૨૦ વર્લ્ડ કપમાં સ્કોટલેન્ડ સામે હતું કે જ્યાં તેણે દુબઈમાં ૧૫ રનમાં ૩ વિકેટ લીધી હતી. જાડેજા છ ટી ૨૦ વર્લ્ડ રમ્યા છે. વર્લ્ડ કપ ૨૦૨૪માં રવીન્દ્ર જાડેજાએ ૫ ઈનિંગ્સમાં ૨૨ બોલમાં ૩૫ રન બનાવ્યા અને ૧૪ ઓવર નાખીને ૧ વિકેટ લીધી. રવીન્દ્ર જાડેજા એવા કેટલાક ક્રિકેટરોમાંથી એક છે, જેઓ છેલ્લા કેટલાક સમયથી ત્રણેય ફોર્મેટમાં ભારતની ટીમમાં હતા અને હજુ ટેસ્ટ અને વનડે તો રમશે જ.

'વિરાટ કોહલી, રોહિત શર્મા રવીન્દ્ર જાડેજા એ ત્રણેય ક્રિકેટરો છેલ્લા કેટલાક સમયથી ટીમ ઈન્ડિયા માટે બોજ બનતા જાય છે એવી ટીકા થતી હતી. રોહિત અસાતત્યપૂર્ણ બેટિંગ કરે છે જ્યારે વિરાટ ટી ૨૦ માટે જરૂરી ઝડપે રમી શકતો નથી એવી ટીકાઓ થતી. જાડેજા મેચ વિનર બોલર કે બેટ્સમેન નથી એવું કહેવાતું. જાડેજાના વિકલ્પરૂપે અક્ષર તૈયાર છે જ્યારે રોહિત અને વિરાટના વિકલ્પ તરીકે તો બહુ બધા બેટ્સમેન છે તેથી તેમની ખોટ નહીં સાલે પણ વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજા ત્રણેય ગૌરવપૂર્ણ રીતે નિવૃત્તિ લેનારા ક્રિકેટરો તરીકે હંમેશાં યાદ રહેશે.

### ઇંડાની હોટેલે એકત્ર થયાં અને બઘડાટી બોલી

# અમરેલી આરટીઓ કચેરી સામે ૭ થી ૮ શખ્સોએ ધમાલ મચાવી

**હોટલ માલિક સહિત ત્રણને મારમારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી હોટલમાં તોડ ફોડ કરી રૂા.૫૦ હજારનું નુકશાન કર્યાની ફરિયાદ**

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી સાવરકુંડલા બાયપાસ રોડ આરટીઓ કચેરીની સામે અમરેલી ચકકરગઢ રોડ ઉપર રહેતાં બિપીન ઉર્ફે ભુરો રમેશભાઈ બોઘરાની મિ.એગનામની ઈંડાની હોટલ ધરાવતા હોય. જયાં અમરેલી હનુમાનપરામાં રહેતા સુજીત કાઠી તથા એક અજાણ્યો શખ્સ તેમજ બીજા ૬ થી ૭ માણસો સાથે જમવા માટે આવેલ અને હિરેનભાઈ માધડ ઉપર આરોપીઓએ છાસનું પાઉચ ફેંકી ગાળો બોલવા લાગતાં હોટલ માલિક બિપીન ઉર્ફે ભુરો રમેશભાઈ બોઘરા વચ્ચે પડતાં સુજીત કાઠી અને એક અજાણ્યા શખ્સે ઢીકાપાટુનો મારમારી ધકકો મારી પાડી દઈ હોટલના ખુરશી અને ટેબલ વડે માર મારવા લાગતાં હિરેનભાઈ માધડ વચ્ચે પડતાં સુજીતે તું આઘો જા નહીંતર વચમાં ટીપાઈ જઈશે તેમ કહીં જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી પાટુ મારી ઈજા કરી દિનેશભાઈ બગડાને અગાઉના ફેકચર વાળા હાથ ઉપર ખુરશી મારી હિરેનભાઈ માધડ તથા બિપીનભાઈને ઢીકાપાટુ, લાફા અને ખુરશી વડે મારમારેલ તેમજ બિપીનભાઈનો સેમસંગ ગેલેકરી મોબાઈલ, હોટલનો ખુરશી, ટેબલ, રસોઈનું ફર્નિચર સહિત સામાન ચિજવસ્તુઓને તોડફોડ કરી રૂા.૫૦ હજારનું નુકશાન કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### આંબેડકર આવાસમાં મકાન બાંધકામની મંજુરી માટે જતાં

## ધરાઇમાં સરપંચ પતિને ઉપસરપંચે હડધુત કર્યા

**ઉપસરપંચ સહિત બેએ હડધુત કર્યાની ફરિયાદ**

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

બાબરા તાલુકાના ધરાઈ ગામે શિવ મંદિર પાસે સરપંચ પતિ જયસુખભાઈ જસાભાઈ મારૂ વણકર ઉ.વ.૪૬ને સને-૨૦૨૨ના વર્ષમાં આંબેડકર આવાસ યોજના અંતર્ગત મકાન પાસ થયેલ હોય. જે મકાનમાં બાંધકામની મંજુરી માટે જયસુખભાઈ ઉપસરપંચ હિમતભાઈ ગોરધનભાઈ સતાણી પાસે રજુઆત કરતાં ઉશ્કેરાઈ જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી ગાળો બોળતાં તેઓ પરેશ ઈશ્વરભાઈ કાપડીયા પાસે જઈ ઉપસરપંચના વર્તન અંગે વાત કરી બાંધકામની મંજુરી અંગે વાત કરતાં તેમણે પણ જયસુખભાઈને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી ગાળો બોલી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી વિવેક ઓઇલ મિલની મજુર કોલોનીની અગાસી પરથી પડી જતાં યુવાનનું મોત નિપજયું

**રાત્રીના સમયે અગાસી ઉપરથી પડી જતાં મોત નિપજયાનું જાહેર કરાયું**

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી લીલીયા રોડ વિવેક ઓઈલ મિલ મજુર કોલોનીની અગાસીના બીજા માળ ઉપર સુવા ગયેલ મહારાષ્ટ્રના શ્રમિક યુવાન વિજય રમેશભાઈ પંડોર રાત્રીના કોઈપણ સમયે અગાસી ઉપરથી નીચે પડી જતાં મોત નિપજયાનું હરેશભાઈ ભીખાભાઈ ડોબરીયાએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

### વાડીના શેઢા પાસે પસાર થતાં વિજ શોક લાગતા ફરિયાદ ન કરવા ધમકી આપી

## ધારીના સરસીયાની સીમમાં વિજ શોક લાગતાં યુવાનને ધમકી આપી

**આરોપીઓએ વાડીના શેઢા પાસે તાર ફેન્સીંગમાં વિજ શોક મુકી બીજાની જીંદગી જોખમાય તેવું કૃત્ય કર્યાની ફરિયાદ**

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

ધારી તાલુકાના સરસરીયા ગામે આરોપીના વાડીના શેઢે બગસરા તાલુકાના સમઢીયાળા ગામના રોહિતભાઈ જગુભાઈ ચારોલા ઉ.વ.૨૨ પોતાનું ભાગ્યું રાખેલ વાડીએથી બાજુમાં આવેલ આરોપીઓના વાડીના શેઢા ઉપરથી પસાર થયેલ તે દરમિયાન વિજ શોક લાગતાં સારવાર માટે દાખલ થતાં સરસરીયાના મનસુખ પટેલે પોલીસ ફરિયાદ ન કરવા ધમકી આપી આરોપીઓએ પોતાની વાડીના શેઢે તાર ફેન્સીંગમાં વિજ શોક મુકી રોહિતભાઈ તથા બીજાની જીંદગી જોખમાઈ અને શારિરીક સલામતી જોખમાય તેવું કૃત્ય કરી ગુનો કર્યાની ધારી પોલીસ મથકમાં મનસુખ પટેલ અને ધીરૂ પટેલ સામે ફરિયાદ નોંધાવી છે.

## રાજુલામાં વ્યાજસહિત રૂપિયા ચુકવી આપ્યા છતાં પણ પઠાણી ઉઘરાણી

**પૈસા ચૂકવી આપ્યા છતાં પૈસા આપવાનું કહી ધમકી આપ્યાની ફરિયાદ**

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

રાજુલા તત્વજયોતિ વિસ્તારમાં રહેતાં રાહુલભાઈ ઉર્ફે દુડી ગોરધનભાઈ સોલંકી ઉ.વ.૨૫એ તે જ વિસ્તારમાં રહતા પ્રકાશ ઉર્ફે ટકો મનસુખભાઈ સોલંકી પાસે પૈસા વ્યાજે આપવાનું લાયસન્સ ધરાવતો ન હોય તે છતાં રાહુલભાઈને રૂા.૨૫૦૦૦ ૫ ટકા લેખે વ્યાજે આપેલ રૂપિયા ચૂકવી આપેલ હોવા છતાં પૈસાની અવાર નવાર ઉઘરાણી કરી ગાળો બોલી રૂપિયા તો તારે આપવા જ પડશે. તેવું જણાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## બગસરાના કુંકાવાવ નાકા પાસે યુવતિ તેમજ તેના પરિવારને ધમકી અપાય

**ધમકી આપ્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ**

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

બગસરા કુંકાવાવ નાકા પાસે જેઠીયાવદર ગામની માધવીબેન નિલેશભાઈ રાજયગુરૂ ઉ.વ.૨૬ તેમના પરિવારજનો સાથે બગસરા આવેલ ત્યારે બગસરાના પાર્થ જીતેન્દ્રભાઈ ઠાકરે યુવતિ તથા તેના પરિવારને ગાળો બોલી ધમકી આપ્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી જિલ્લામાં ચાર સ્થળોએ દેશીદારૂના દરોડા : મુદામાલ સાથે ચાર શખ્સો ઝડપાયા

**જિલ્લામાં જુદા જુદા ત્રણ સ્થળેથી ચાર શખ્સોને રાજાપાઠમાં ઝડપી પાડયા**

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા ચાર સ્થળોએ દેશીદારૂના દરોડાઓ પાડી મુદામાલ સાથે ચાર શખ્સોને ઝડપી પાડયા હતાં જેમાં દામનગર, લીલીયા, સાવરકુંડલા રૂરલ અને બગસરા પોલીસે કાર્યવાહી હાથધરી હતી. તેમજ જિલ્લામાં જુદા જુદા ત્રણ સ્થળોએથી રાજાપાઠમાં નિકળતાં ચાર શખ્સોને નશો કરેલી હાલતમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં મરીન પીપાવાવ, જાફરાબાદ મરીન અને અમરેલી સાવરકુંડલા રૂરલ પોલીસે કાર્યવાહી કરી હતી.

### બાર એસોસિયેશન ઉના દ્વારા

## ઉનામાં ભ્રષ્ટાચાર, લાંચ સહિતના મુદ્દે આવેદનપત્ર અપાયું

**જુદા જુદા ૧૨ મુદાઓ અંગે મુખ્યમંત્રીને સંબોધી રજુઆત કરી**




ઉના,(નિરવ ગઢીયા)

ઉના પ્રાંત કચેરી,મામલતદાર કચેરીમાં અધીકારીઓ પોતાની મનમાનીથી મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કરીને લાંચ લેવા હોવા અંગે તેમજ અન્ય વિવિધ મુદ્દે આવેદન આપી લેખિત રજૂઆત કરાઈ ઉના પ્રાંત કચેરી તથા મામલતદાર કચેરીના અધિકારીઓ ઉપર લાંચ આક્ષેપો થયા નીતિ નિયમો નેવે મુકીને અધીકારીઓ પોતાની મનમાનીથી કાયદાને અવગણીને કામ કરે છે. મોટા પ્રમાણમાં લાંચ લેવામાં આવે છે. આ અંગે ઉના બાર એસોસિયેશન દ્વારા વિવિધ ૧૨ મુદ્દાને લઈ આ બાબતે રાજયના મુખ્ય મંત્રીને સંબોધી ઉના ડેપ્યુટી કલેકટરને લેખિત આવેદન આપ્યું. પ્રાંત કચેરીની અંદર કોઈપણ કામ જેવા કે ખેડુતનું પ્રમાણપત્ર, જમીનને લગતા કોઈપણ પ્રકારના કેસ, અપીલ તથા વિવિધ પ્રકારની અરજીઓ કે મંજુરી લેવાની હોય તમામ કામની અંદર પ્રાંત કચેરીના કર્મચારી મનફાવે તેવા રૂપીયાની માંગણી કરે તેવા આક્ષેપો થયા. અરજદાર રૂપીયા ન આપે તો અરજીઓ નામંજુર કરી દેવામાં આવે છે. ઉના મામલતદાર અને પ્રાંત કચેરી બંને ઓફીસમાં કંપની મારફત સ્ટાફ ઘણા વર્ષોથી એક જ જગ્યા ઉપર કામગીરી કરે છે. જેથી તેઓ પણ કામગીરી કરવા માટે લાંચ માગે છે. લાંચ ન આપવામાં આવે તો કામ થતાં નથી કે કામમાં મોડું કરવામાં આવે છે. ઉના બાર એસોસીએશન એ કરી લેખિત રજુઆત આ અંગે તાત્કાલીક પગલા ભરવા નહિ આવે તો ગાંધી ચીધ્યા પગલાં ભરવાની કડવી ફરજ બજાવવી પડશે તેવી ચીમકી ઉચ્ચારી.

## બાબરામાં તાલુકા સ્વાગત કાર્યક્રમ આગામી તા. ૨૪ જુલાઈએ યોજાશે

**તાલુકા કક્ષાના પ્રશ્નો અને ફરિયાદો માટે તા.૧૫ જુલાઈ સુધીમાં અરજી કરવા અનુરોધ કરાયો**

અમરેલી , બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે આગામી તા.૨૪ જુલાઈ, ૨૦૨૪ના રોજ બાબરા તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે. તાલુકા કક્ષાના પ્રશ્નો અને ફરિયાદો તા.૧૫ જુલાઈ, ૨૦૨૪ સુધીમાં તાલુકા મથકે, બાબરા તાલુકા મામલતદારશ્રી, બાબરા તાલુકા કચેરી, બાબરા જિ.અમરેલી ખાતે પહોંચતા કરવા. અરજીના મથાળે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અવશ્ય લખવાનું રહેશે. સામૂહિક કે નીતિ વિષયક સિવાયના પ્રશ્નો રજૂ કરવા, તેમ બાબરા તાલુકા મામલતદારશ્રીએ એક યાદીમાં જણાવ્યુ છે.

### મહંત પુ. શ્રી કરશનદાસ બાપુના સાનિધ્યમાં

## પરબ ધામમાં અષાઢી બિજ મહોત્સવનો પ્રારંભ

**લોકમેળામાં જનમેદની ઉમટી : એસપીશ્રી હર્ષદ મહેતાએ મુલાકાત લીધી : બે ડિવાયએસપી, ૧૪ ફોજદારો, ૫૦૦ થી વધુ જીઆરડીએસઆરપીનો બંદોબસ્ત**

જુનાગઢ,(હિતેષ પારેખ )ભેસાણ નજીક આવેલ સુપ્રસિધ્ધ પરબ ધામમાં મહંતપુ. કરશનદાસબાપુના સાનિધ્યમાં અષાઢી બીજ મહોત્સવનો પ્રારંભ થયો છે. આજે સવારે ૭-૩૦ કલાકે ધ્વજ પુજન બાદ પુ. કરશનદાસબાપુના હસ્તે લોકમેળો ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં બહોળી સંખ્યામાં માનવ મેદની ઉમટી પડી છે. આ લોક મેળામાં નિશાન પુજન, ધ્વજા રોહણ, સોમ યજ્ઞ, સંતવાણી સહિતના કાર્યક્રમો સાથે ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ સર્જાશે આજે જુનાગના એસપી શ્રી હર્ષદ મહેતાએ સ્થળની મુલાકાત લીધી હતી. અને મહોત્સવ અનુલક્ષીને બે ડિવાયએસપી, બેપીઆઈ, ૧૪ ફોજદારો, ૫૫૦ થી વધુ પોલીસ જીઆરડી હોમગાર્ડ અને એસઆરપીનો બંદોબસ્ત ગોઠવામાં આવ્યો છે તેમ જણાવ્યું હતું. આજે મેદની ઉમટી પડે તેવી શકયતાઓ છે.

### અવસાન નોંધ

સાવરકુંડલા

વાંઝા દરજી બિપીનભાઈ કાંતિભાઈ ભરખડા તે કાંતિભાઈ ના પુત્ર હિતેષભાઈ અને મીનાબેન વાઘેલા ના મોટાભાઈ તેમજ જયદીપ અને આરતીં ના પિતા નુ તા.૫/૭/ના અવસાન થયેલ છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૭.૭.૨૦૨૪ રવિવાર ,સંવંત ૨૦૮૦ અષાઢ સુદ બીજ, અષાઢી બીજ, પુષ્ય નક્ષત્ર ,હર્ષણ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.
વૃષભ (બ,વ,ઉ) : નવા કાર્યમાં આગળ વધી શકો , સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારી માં કાળજી રાખવી પડે , આર્થિક બાબતોમાં મધ્યમ રહે,અન્ય બાબતો માં સારું રહે.
કર્ક (ડ,હ) : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
સિંહ (મ,ટ) : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે,સાંજ ખુશનુમા વીતે.
કન્યા (પ ,ઠ ,ણ) : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું,હિસાબ રાખવો.
તુલા (ર,ત) અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો , શુભ દિન.
વૃશ્ચિક (ન ,ય) : ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય.
ધન (ધ,ભ,ફ,ઢ ): દિવસ દરમિયાન દોડધામ રહે , સાંજ પછી નસીબ સાથ આપતું જણાય,અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.
મકર (ખ,જ) : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે,મનની વાત વ્યક્ત કરી શકો.
કુંભ (ગ ,સ,શ) :હિત શત્રુઓ થી સાવધ રહેવું,વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.
મીન (દ,ચ,ઝ,થ): પ્રણય માર્ગે આગળ વધી શકો,ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

## વડીયાના વાવડીમાં ૧૦૮ની ટીમે તત્કાલ સારવાર આપી દર્દીનો આબાદ બચાવ કર્યો

**હૃદય રોગના દર્દીને તત્કાલ સારવાર મળતાં રાહત થઇ**




અમરેલી,

તારીખ ૧૬/૬/૨૦૨૪ના રોજ વડિયા ૧૦૮ ને સ્ટેશન વાવડી ગામનો ચેષ્ટ પેન કેસ આવેલ .જેમાં પાયલોટ દેવદત્ત પરમાર એ એમ્બ્યુલન્સ સ્ટેશન વાવડી ઝડપથી પહોંચી દર્દી કાળુભાઈ રઘવભાઈ ઢોલરિયાની તપાસતા, ઓછું બીપી, ધબકારા અનિયમિત , ઓક્સિજન ઘટવું, પીઠમાં દુખાવો થવો, હાથપગમાં ખાલી ચડવી, ઉલ્ટી ઉબકા, રીચગચબરી જેવા ચિન્હો દેખાતા ૧૦૮ ના ઈસા સુનિલ લીંબાણી એ અમદાવાદ સ્થિત ૧૦૮ ના ઈઈભ સેન્ટરના ફિઝિશિયન ઘસિાહેબ સાથે વાત કરી દર્દીને યોગ્ય સારવાર સાથે જતા, રસ્તામાં દર્દી બેભાન થઈ જતા સીપીઆર (ચેસ્ટ કમ્પ્રેશન) આપવાની જરૂર પડી, ભઁઈ આપવાથી દર્દી ભાનમાં આવી જતા તેમને સંજીવની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ જેતપુર જિલ્લો રાજકોટ ખાતે સોંપી આપેલ. ત્યારબાદ દર્દીને વધુ સારવાર અર્થે ત્યાંથી રાજકોટ સ્ટર્લીંગ હોસ્પિટલ ખાતે મોકલી આપેલ છે ત્યા ના ડોક્ટર શ્રી એ જણાવેલ કે દુખાવા ની શરૂઆત થય ત્યારે યોગ્ય સારવાર મળવાથી દર્દી અહીંયા પોચિયું. વધુંમા ઘસિાહેબ જણાવે છે કે હૃદયની ત્રણ નળીઓ બ્લોકેજ છે જેમાં હાલ બે નળીમાં બલૂન બેસાડ્યા અને એક નળી દવાઓ પીવાથી સારું થઈ જશે તેવું જણાવેલ. હાલમાં દર્દી કાળુભાઈ ની તબિયત સારી છે અને ઘરે કરે છે તેમના દીકરા શૈલેષભાઈ જણાવે છે કે ૧૦૮ ના ઉપયોગથી અને સારવારથી અમારા દર્દી સમયસર હોસ્પિટલ અને યોગ્ય સારવારના કારણે તેમનો જીવ બચી ગયો છે તેમનો સંપૂર્ણ યશ અમે ૧૦૮ ની ટીમને આપીએ છીએ.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

### કપાસ ૯૨૦ થી ૧૫૧૮ મગફળી ૯૦૦ થી ૧૨૦૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૭૦-૧૨૦૨
શિંગમોટી-૯૦૦-૧૨૦૦
મગ-૯૩૦-૧૫૩૮
તલસફેદ-૧૯૯૫-૨૫૭૪
તલકાળા-૩૦૩૦-૩૧૨૫
એરંડા-૮૦૦-૧૧૨૩
ઘઉંટુકડા-૪૮૩-૫૯૭
ઘઉંલોકવન-૪૪૫-૫૬૧
રાયડો-૧૦૧૦-૧૦૧૦
ચણા-૧૦૦૦-૧૨૭૫
કપાસ-૯૨૦-૧૫૧૮
જુવાર-૪૭૨-૮૬૬
જીરૂ-૫૦૬૫-૫૩૮૦
ધાણા-૭૨૦-૧૩૧૫
સોયાબીન-૭૩૦-૮૪૬
તુવેર-૧૨૧૦-૧૯૯૬
ઈસબગુલ-

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૪૦-૫૫૦
રીંગણા-૨૦૦-૩૦૦
ફલાવર-૮૦૦-૧૦૦૦
કોબીઝ-૬૦૦-૭૦૦
ટમેટાં-૧૦૦૦-૧૪૦૦
ફોદીનો-૬૦૦-૭૦૦
ગાજર-૫૦૦-૬૬૦
ગલકા-૩૦૦-૪૦૦
કાકડી-૫૦૦-૬૦૦
ગુવાર-૧૬૦૦-૧૮૦૦
દુધી-૩૦૦-૩૬૦
તુરીયા-૯૦૦-૧૧૦૦
ભીડો-૯૫૦-૧૦૨૦
આદુ-૨૦૦૦-૨૪૦૦
કોથમીર-૧૬૦૦-૨૦૦૦
મેથીભાજી-૧૨૦૦-૧૪૦૦
ટીંડોરા-૯૫૦-૧૦૩૦
લીમડોમીઠો-૧૦૦-૧૨૦
મરચાલીલા-૧૦૩૦-૧૨૩૦
લસણસુકું-૩૦૦૦-૪૦૦૦
લીંબુ-૮૦૦-૧૦૦૦
પાલક-૯૦૦-૧૦૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૬૩-૫૨૦
જુવાર-૪૩૦-૮૭૬
ઘઉં-૪૭૫-૫૬૬
મેથી-૮૦૦-૮૦૦
ચણા-૧૨૦૦-૧૨૧૧
તલસફેદ-૨૨૦૧-૨૫૦૧
શીંગદાણા--
રાય--
કપાસ-૧૧૦૦-૧૫૦૦
શીંગ--
સોયાબીન-૮૫૦-૮૫૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૬૭-૬૩૦
ડુંગળીલાલ-૧૫૯-૫૯૨
મગ-૧૫૨૨-૧૬૯૧
તલસફેદ-૨૧૨૫-૨૫૫૦
તલકાળા-૨૬૪૦-૨૬૪૦
મકાઈ--
ચણા-૧૧૯૨-૧૨૪૦
નાળીયેર-૩૧૨-૧૭૬૫
અડદ--
બાજરી-૩૬૮-૪૯૩
જુવાર-૩૫૦-૮૮૩

**બાબરા**
કપાસ-૧૩૦૫-૧૫૬૯
મગ-
ચણા-
ઘઉં-૪૮૨-૫૧૮
તલસફેદ-૨૩૪૦-૨૪૭૦
જીરૂ-૪૬૭૦-૫૪૦૦
મગફળી-૧૦૮૫-૧૧૪૫

બાજરો-

**ધારી**
કપાસ--
ચણા-૧૦૯૧-૧૨૩૦
મગફળી--
જીરૂ--
તલસફેદ--
ધાણા--
શીંગદાણા-૧૬૦૦-૧૬૩૫
તલકાળા-
ઘઉં-૫૨૫-૫૨૫
સોયાબીન-૮૩૨-૮૫૧

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૨૦૦
શીંગદાણા-૧૭૦૦-૨૦૦૦
જીરૂ-૪૮૦૦-૫૪૬૦
તલસફેદ-૨૨૫૦-૨૫૮૦
કપાસ-૧૨૦૦-૧૫૦૦
ઘઉંલોકવન-૪૭૫-૫૩૦
તલકાળા-૨૭૦૦-૩૧૪૦
ઘઉંટુકડા-૫૦૦-૫૪૩
ચણા-૧૧૦૦-૧૨૫૦
તુવેર-૧૮૦૦-૧૯૦૧
જુવાર-૪૭૭-૮૬૯
બાજરો-૪૫૦-૫૩૨
ધાણા-૧૧૦૦-૧૨૦૦

**ખાંભા**
કપાસ-૧૨૫૧-૧૪૮૧
તુવેર--
જુવારસફેદ-૮૧૨-૮૨૨
જુવારપીળી--
તલસફેદ-
શીંગદાણા--
મગફળી--
મગ--

**બગસરા**
જુવાર--
કપાસ--
ચણા-૧૧૯૦-૧૨૨૨
શીંગફાડા-૧૪૧૫-૧૪૧૫
મગ-૧૬૦૦-૧૬૦૦
તુવેર-૧૩૨૫-૧૩૨૫
ઘઉંલોકવન-૫૧૪-૫૧૭
મકાઈ--
તલસફેદ-૧૫૫૦-૨૪૩૦
ઘઉંટુકડા-૪૫૪-૫૨૮
સોયાબીન-૮૧૮-૮૧૮
ધાણા-૧૧૩૫-૧૧૪૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૭૦૦-૧૧૦૦
દાડમ-૭૦૦-૧૪૦૦
મુસંબી-૮૦૦-૧૩૦૦
સંતરા-૨૨૦૦-૨૬૦૦
કીવી-૪૦૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૧૦૦-૨૦૦૦
અનાનસ-૧૨૦૦-૧૬૦૦
ખારેક-૨૦૦-૨૦૦૦
કેળા-૩૦૦-૪૩૦
પોપૈયા-૭૦૦-૯૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૭૦૦-૩૮૦૦

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૩૨
ન્યુનતમ તાપમાન ૨૬.૯
ભેજનું પ્રમાણ ૮૫
પવનની ગતિ સરેરાશ ૬

### રાજુલા ખાંભા ખ.વે. સંઘની ચૂંટણી જાહેર થતાં

# રાજુલા ખાંભા ખ. વે. સંઘના તમામ ડિરેક્ટરો બિનહરિફ

**૧૮ ઉમેદવારી પત્રો ભરાયેલા જેમાં ૧૬ ફોર્મ રજુ થયાં અને એક ઉમેદવારી ફોર્મ પરત ખેંચાયું : ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી સહિતનું માર્ગદર્શન**

**એક ફોર્મ પરત ખેંચાતા આખું બોર્ડ બિનહરીફ : કોંગ્રેસને કોઇ સહકાર જ મળ્યો નહીં : શ્રી જીગ્નેશ પટેલની જહેમત રંગ લાવી : આખુ બોર્ડ બિનહરિફ**









રાજુલા,(કનુભાઈ વરૂ)રાજુલા જાફરાબાદ ખાંભા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી માટે ૨૮ તારીખે ઉમેદવારી પત્ર નોંધવામાંઆવ્યાહતા. જેમાંથી ૧૬ સામે ૧૮ ફોર્મ રજૂ કરવામાં આવ્યા હતા અને ૧૪ બેઠકોના ૧૬ ફોર્મ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાંથી આજે એક પરત ખેંચાતા રાજુલા ખાંભા ખરીદ વેચાણ સંઘનું ૧૪ સભ્યોનું બોર્ડ બિનહરીફ થવા પામ્યું હતું.સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણી ધારાસભ્ય હીરાભાઈ સોલંકી જીગ્નેશભાઈ પટેલ અને કાઠી સમાજના અગ્રણીએ શ્રી દાદભાઈ વરુ તથા રવુભાઈ ખુમાણ આહીર સમાજના આગેવાન પીઠાભાઈ નકુમ હરસુરભાઈ લાખણોત્રા ની કુનેહથી આખું રાજુલા ખાંભા ખરીદ વેચાણ સંઘ થતા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ની ઉપસ્થિતિમાં ભવ્ય ઉજવણી કરીહીરાભાઈ સોલંકી તમામ ડિરેક્ટરોને અભિનંદન આપ્યા હતા બિન હરીફ થયેલા ડિરેક્ટર તરીકે જીગ્નેશભાઈ પટેલ તથા ભુપેન્દ્રભાઈ વરુ તથા જીવકુભાઈ ખુમાણ તથા રાજુભાઈ પલસાણા શ્રી વિનુભાઈ રૈયાણી શ્રી જયસુખભાઈ પડસાળા શ્રી હરસુરભાઈ વાઘ મહેશભાઈ વાયલુ શ્રી કાનજીભાઈ ચૌહાણ શ્રી સાગરભાઈ સરવૈયા કાતરીયા તથા હરિભાઈ હિરપરા તથા રમેશભાઈ ડોબરીયા તથા અરજણભાઈ વાઘ,શ્રી જીગ્નેશભાઈ પટેલ વર્ષોથી રાજુલા માર્કેટિંગ યાર્ડના પ્રમુખ છે તેમજ તેમના પિતા સ્વર્ગસ્થ મોહનભાઈ પટેલ પણ પંદર વર્ષ પ્રમુખ રહ્યા એના કારણે રાજુલાનું માર્કેટિંગ યાર્ડ ભ્રષ્ટાચાર થી સંપૂર્ણ દૂર રહ્યું છે ખેડૂતો ક્યારે હેરાનથી થતી નથી પેમેન્ટ ટાઈમ સર કરવા યાર્ડમાં કેન્ટી કોઈ પણ કપાસ માંડવી વેચાણમાં લાવ્યો હોય તેના માટે ખાસ શેરની વ્યવસ્થા છે જેથી ખેડૂતો માટે અહીં માલ વેચવા લાવે છે તેની પણ પૂરી સલામતી છે જેને કારણે જાફરાબાદ તાલુકો ખાંભા તાલુકો ના ગામડા ના ખેડૂતો પણ અહીં રાજુલા માર્કેટિંગ યાર્ડમાં આવે છે અને સંઘ દ્વારા કરવામાં આવે છે ત્યારે હાલના પ્રમુખ પણ જીગ્નેશભાઈ પટેલ હતા અને હું ફરીથી પણ જીગ્નેશ ભાઈ બેસે તે નક્કી જ છે ખેડૂતો પણ જીગ્નેશ ભાઈ પુન રાજુલા ખાંભા ખરીદ વેચાણ સંઘ બિનહરીફ પ્રમુખ તરીકે પણ નિશિત છે જ્યારે તમામ ડિરેક્ટરોને બિન હરીફ કરવા માટે ભારતીય જનતા પાર્ટીના આગેવાનો કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી હતી આજના થતા માર્કેટિંગ યાર્ડમાં મોટો મેળાવડો ખેડૂતોનો પણ ભરાણો હતો ધારાસભ્ય દ્વારા હીરાભાઈ સોલંકી દ્વારા જીગ્નેશ ભાઈ નું સન્માન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે રાજુલાના ભાજપના આગેવાન શ્રી રવુભાઈ ખુમાણ તથા રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગ મહેતા તથા ટીંબીયાર્ડ ના પ્રમુખ ચેતનભાઈ શિયાળ તથા બકુલભાઈ તથા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ શ્રી નાનકા દાદા તથા મનુભાઈ ધા ખ ડા તથા મયુર દાદા તથા અનિરુદ્ધ ભાઈ તથા કાનભાઈ ગોહિલ તથા બચુભાઈ ચૌહાણ શ્રી મહેન્દ્રભાઈ ધા ખ ડા તથા સંજયભાઈ ધા ખ ડા તથા વનરાજભાઈ વરુ તથા વીરભદ્ર ભાઈ તથા ધીરુભાઈ રાદડિયા વિક્રમભાઈ શિયાળ તથા પ્રાગજીભાઈ કાકડીયા તથા જોશી પત્રકાર કનુભાઈ વરુ સહિત ઉપસ્થિત રહ્યા હતા અત્રે ઉલ્લેખ નહીં છે કે સમગ્ર યસ નો ફાળો ધારાસભ્ય હીરાભાઈ સોલંકી લઈ જાય છે કારણ કે અગાઉ તાલુકા જિલ્લા પંચાયતો પણ હીરાભાઈ સોલંકી દ્વારા વિજેતા બનાવી હતી ગત વર્ષે જાફરાબાદ નગરપાલિકા પણ બિનહરીફ કરી હતી તેમજ અનેક સરપંચોને પણ બિનહરીબ હતી આમ હીરાભાઈ સોલંકી સરળ સ્વભાવ સાચું કહી દેવું ગોળ ગોળ રાખવો નહીં અને કાર્યકરો તમામ નાના મોટા હીરાભાઈ સરખા રાખે છે અને વળી હવે તો ગામડામાં કાર્યકરોને સાથે લઈ ગયા વિના મતદારને કે આગેવાનને ડોર તુ ડોર ઘરે પહોંચી જાય છે જે હીરાભાઈ નું જમા પાછું છે જિલ્લામાં ભલે આવતી હોય પણ રાજુલા જાફરાબાદ તાલુકા પંચાયત નગરપાલિકાઓમાં ભાજપમાં બેસાડવાનો અને બિન હરીત કરવાનો યસ હીરાલાલ સોલંકી ફાળે જાય છે અને હીરાલાલની ભાજપનું મોવડી મંડળ પણ બિન હરીફ હીરાભાઈ ઉમેદવારોને કરાવે છે તેની નોંધ લેવી પડે છે હાલ તો હીરાલાલનો અમરેલી જિલ્લામાં ભાજપમાં દબદબો છે પોલીસ કડક બંદોબસ્ત પીઆઈ પોલીસ સ્ટાફ એક કર્યો હતો આભાર દર્શન કાંતિભાઈ સાવલિયા એ કર્યું હતું રાજુલા ખાંભા ખરીદ વેચાણ સંઘની ડિરેક્ટરોની ચૂંટણી બિનહરીત થઈ છે ત્યારે હવે પ્રમુખની ચૂંટણી પણ ટૂંક સમયમાં થશે અને જેમાં જીગ્નેશ પટેલ પ્રમુખ થાશે એ વાત પણ નિશ્ચિત છે

## રાજુલામાં સંઘની ચૂંટણીમાં શ્રી સંઘાણીનું માર્ગદર્શન



રાજુલા ખાંભા ખરીદ વેચાણ સંઘની ની ચૂંટણી પહેલા પણ દિલીપભાઈ સંઘાણી સાથે ચર્ચા અને માર્ગદર્શન મેળવતા પટેલ તથા જિલ્લા બેન્કના ડિરેક્ટર દાદ બાપુ વરુ જણાય છે.

### ડિઝાસ્ટર ઇમર્જન્સી ઓપરેશન કેન્દ્ર દ્વારા

## અમરેલીમાં આપત્તિ પ્રબંધન પ્રદર્શન યોજતી ટીમ એનડીઆરએફ

**અમરેલીના કલેક્ટર, મામલતદાર સહિતની ઉપસ્થિતિમાં માર્ગદર્શન અપાયું**



અમરેલી,

અમરેલીના ડિઝાસ્ટર ઈમર્જન્સી ઓપરેશન કેન્દ્રમાં આજે એનડીઆરએફ (રાષ્ટ્રીય આપત્તિ પ્રતિસાદ દળ) ટીમ દ્વારા આપત્તિ પ્રબંધન અને આપત્તિ સમયે જળવાયેલી તૈયારીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું. આ ગૌરવમય ઉપસ્થિતિમાં અમરેલીના એસડીએમશ્રી (ઉપ જિલ્લા મેજિસ્ટ્રેટ), મામલતદારશ્રી અમરેલી, મામલતદારશ્રી (ડિઝાસ્ટર), ડેપ્યુટી કલેકટરશ્રી (ચૂંટણી), ડી.પી.ઓશ્રી. અમરેલી અને અન્ય સ્ટાફ સભ્યો હાજર રહ્યા. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ આપત્તિ સમયે જનતાની સુરક્ષા અને તાકીદના પ્રયાસો માટે એનડીઆરએફની તૈનાતી અને તેમની કામગીરીની સમજ આપી જનજાગૃતિ લાવવાનો હતો. પ્રદર્શન દરમિયાન એનડીઆરએફ ટીમે વિવિધ શું કરવું અને શું ન કરવું તે વિશે માહિતી આપી.પ્રદર્શનની સફર દરમિયાન, આ અધિકારીઓએ એનડીઆરએફની તૈયારી અને પ્રતિક્રિયાક્ષમતા પર પ્રશંસા વ્યક્ત કરી અને આમ આ દળની મહત્વપૂર્ણ ભૂમિકાને બિરદાવી. આ તકે તેઓએ જનસામાન્યને આપત્તિ પ્રબંધન માટે જાગૃત રહેવા અને એનડીઆરએફની માર્ગદર્શિકા અનુસરવા માટે પ્રોત્સાહિત કર્યા.અગાઉ પ્રદર્શનમાં ટીમ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ઉપકરણો અને તકનીકોનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું, જેની સહાયથી તેઓ આપત્તિ સમયે લોકોની મદદ કરે છે.અંતે, પ્રદર્શનના અંતે તમામ ઉપસ્થિત મહાનુભાવોએ એનડીઆરએફ ટીમને તેમની અત્યંત મહત્વપૂર્ણ સેવા બદલ અભિનંદન આપ્યાં અને આવનારા સમયમાં પણ આવીજ તત્પરતા અને સમર્પણ સાથે કાર્ય ચાલુ રાખવાની આશા કરી.મહત્વપૂર્ણ તે છે કે આ પ્રકારના પ્રદર્શનોથી આપત્તિ પ્રબંધન માટેની જાગૃતિ અને તૈયારીમાં વધારો થાય છે, જે આ વિસ્તારને વધુ સુરક્ષિત અને સલામત બનાવવામાં મદદરૂપ થાય છે.

## અમરેલીનાં અવધ ટાઈમ્સના પત્રકાર ભાવેશ વાઘેલાનો આજે જન્મદિવસ



અમરેલી,

અમરેલી જિલ્લાના જાંબાજ પત્રકાર ભાવેશભાઈ વાઘેલા નો આજે જન્મદિવસ છે ત્યારે સમગ્ર ગુજરાત રાજ્યમાં થી તેમને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે ત્યારે લોકો અને પ્રજાના પ્રશ્નને હર હંમેશ વાચા આપનાર ભાવેશભાઈ વાઘેલાનો આજે ૩૭ મો જન્મદિવસ છે ત્યારે સમગ્ર ગુજરાતમાંથી રાજકારણીઓ અને સામાજિક આગેવાનો તથા જાહેર જનતા દ્વારા જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ આપવામાં આવે છે ૩૬ વર્ષ પૂર્ણ કરી અને ૩૭માં વર્ષમાં મંગળ પ્રવેશ મેળવ્યો છે ત્યારે પરિવારમાં પણ ખુશીની લહેર દોડી ઉઠી પામી છે ત્યારે લોકોની વચ્ચે હર હંમેશ રહેનાર અને સરળ સ્વભાવ અન પ્રભાવશાળી વ્યક્તિત્વના કારણે પંથકમાં પોતાની પત્રકાર તરીકેની અલગ છાપ ઊભી કરનાર ભાવેશભાઈ વાઘેલા ને સમગ્ર જિલ્લા ઉપરાંત ગુજરાત રાજ્યના પત્રકારો તેમજ રાજકીય આગેવાનો અને લોકો દ્વારા જન્મદિવસની શુભેચ્છાઓ આપવામાં આવી રહી છે. ભાવેશભાઈ વાઘેલાને અલગ અલગ સંગઠનો સાથે પણ જોડાયેલા છે જેમાં પત્રકાર એક્તા પરિષદ અમરેલી જિલ્લા આઈ ટી સેલ પ્રમુખ તરીકે પણ બજાવે છે અને પત્રકાર અને એક સારા સામાજિક કાર્યકર પણ છે, ત્યારે સમગ્ર ગુજરાત રાજ્યમાંથી તેમના મોબાઈલ નંબર ૭૦૧૬૦૬૦૨૬૬ ઉપર જન્મદિવસ ની શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવી રહી છે ત્યારે આગામી દિવસોમાં તેમનું સ્વાસ્થ્ય સારું રહે અને લોકોના પ્રશ્નોને હર હંમેશ વાચા આપે એવા સંતો મહંતો દ્વારા પણ આશીર્વાદ આપવામાં આવી રહ્યા છે લોક પ્રશ્ન અને પ્રજાના પ્રશ્નને હર હંમેશ વાચા ભાવેશભાઈ વાઘેલા ૩૬ વર્ષ પૂર્ણ કરી ૩૭ માં વર્ષમાં પ્રવેશ કર્યો ગુજરાત ભરમાંથી જન્મ દિવસની શુભેચ્છાઓનો વરસાદ થઈ રહયો છે.

## અમરેલીમાં કુંકાવાવ રોડ પહોળો કરી સ્ટ્રીટ લાઈટ નાખવા રજુઆત



અમરેલી,

અમરેલી કુકાવાવ રોડ કે જેશીંગપરા. પ્રતાપપરા તેમજ મુસ્લિમ સમાજને કબ્રસ્તાનમાં જવાનો એક જ રોડ છે આ રોડ ઉપર રાહદારી જતા હોઈ છે કે અહીંયા વારંવાર એક્સિડન્ટ થવાનો ભય રહે છે રોડને બંને સાઈડ ખુલ્લી હોવાથી રાત્રિના સાથે વાહનો અવારનવાર એક્સિડન્ટ થતા હોય હાલ અહીંયા વર્ષો પહેલા નગરપાલિકા દ્વારા ઉભા કરેલ લોખંડના પોલ હોઈ જે બંધ હાલતમાં હોઈ ત્યારે બીનાકાચોકથી સુળીયાટીંબા અને સોમનાથ મંદિર થી જેશીંગ પરાના પુલ સુધી રોડ પહોળો કરી વચ્ચે ડીવાયડર સ્ટ્રીટ લાઈટ નાખી આપવામાં આવે કુંકાવાવ રોડ ઉપર આવેલા વડી તેમજ ઠેબી પુલ ઉપર પણ સ્ટ્રીટ લાઈટો નાખવામાં આવે જેથી રાત્રીના સમયે લોકોનો જીવનું જોખમ રહે નહી જેથી વહેલી તકે રોડ પહોળો કરી સ્ટ્રીટ લાઈટ ના પોલ ઊભા કરી લાઈટો નાખી આપવામાં આવે તેવી સામાજિક કાર્યકર જાવેદખાન પાઠણે ચીફ ઓફિસર નગરપાલિકા અમરેલીને રજુઆત કરેલ છે

### પહેલાપાનાનું

### રાહુલ ગાંધી

ગાંધીએ હિન્દુઓ સામે વાણી વિલાસ કર્યો તે રાહુલ ગાંધીની માનસિકતા હિન્દુ વિરોધી અને આંતકવાદી જેવી છે. તેમણે આંતકવાદીની જેમ હિન્દુઓ ઉપર હુમલો કર્યો છે. તેને ગુજરાત કે દેશનો કોઈ હિન્દુ સમાજ સ્વીકરશે નહીં.

હિન્દુ હોવાનું દેશમાં ગૌરવ છે ત્યારે રાહુલ ગાંધીએ લોકસભામાં બોલ્યા પણ જો બહાર બોલ્યા હોત તો પોલીસ કેસ પણ થાત આમ લોકસભામાં બોલીને સમજી વિચારી પગલુ લીધું હોવાનું અને તેમની માનસિકતા દેશ વિરોધી હોવાનું શ્રી દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું.

**સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત**

## સુરતમાંથી હવાલા કૌભાંડમાં એકને ઉઠાવાયો

સુરત,

દેશ અને દુનિયાભરમાં ખળભળાટ મચાવનારા મહાદેવ એપ હવાલા કૌભાંડનો રેલો હવે ગુજરાતનાં સુરત સુધી પહોંચ્યો છે. આ કેસમાં છત્તીસગઢ પોલીસે સુરતમાંથી એક વ્યક્તિની ધરપકડ કરી છે. છત્તીસગઢ પોલીસે આ કૌભાંડમાં સંડોવાયેલા કપિલ ચેલાણી ઉર્ફે કેસીની ધરપકડ કરી છે. પોલીસે કેસીની પુછપરછ કરતા કેટલીક ચોંકાવનારી માહિતી બહાર આવી છે. જેમાં તેણે ૫,૩૦,૦૦,૦૦૦ નો હવાલો પાડ્યો હોવાનું બહાર આવ્યું છે.

## ગીરસોમનાથના પત્રકાર રજની કોટેચાનો આજે જન્મદિન



ઉના,(નિરવ ગઢીયા)માત્ર ૨૧ વર્ષની નાની વયના સમય થી પત્રકારિત્વ નિભાવતા અને પાછલા છ વર્ષથી ઝી મીડિયામાં કામ કરતા રજની કોટેચા નો આજે જન્મ દિવસ છે ગ્રુપ નામ ની સંસ્થા ચલાવતા રજની એ ભૂતકાળ માં લોકો ને પડતી અનેક સમસ્યા ને વાચા આપી છે જેમ કે વિદ્યાનગર રોડ ની બહુ મોટી સમસ્યા હોય કે વારવાર ખોરવાતો વીજ પ્રવાહ હોય દરેક સમસ્યા માં આંદોલનો કરી ને પ્રજા ના પ્રશ્નો નુ નિરાકરણ લાવેલ ત્યારે અનેક સંસ્થા દ્વારા દિવસ ની શુભેચ્છાઓ પાઠવી હતી.

## સુંઢિયામાં રાજયકક્ષાએ બેઝિક તાલીમ યોજાઇ



ઉના,સુંઢિયા મુકામે યોજાયેલા રાજ્ય કક્ષાનો બેઝિક તાલીમ કેમ્પ ની અંદર ઉના યુનિટના જે પી બાંભણિયા બેસ્ટ કેડેટ આવેલ હોય જેમનું આજરોજ ઊના યુનિટ કચેરી ખાતે ગીર સોમનાથ જિલ્લા કમાન્ડન્ટ વિજય ઠાકરના હસ્તે સાલ ઓઢાડી બેસ્ટ કેડિટ જે.પી બામણીયા નું સન્માન કરવામાં આવ્યું આ પ્રસંગે કૈલેશ ભટ્ટ એચ એલ પરમાર તેમજ યુનિટ સભ્ય હાજર રહ્યા હતા.

## સ્પોટર્સ ઓથોરિટી ઓફ ગુજરાતની યોજનાઓનો લાભ લેવા અરજી કરવી

નડીયાદ,રાજ્ય સરકારશ્રીના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા વિવિધ યોજના અમલમાં છે. જેવી કે સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની સ્પર્ધાઓ અને રાજ્યના એસોસીએશન દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષા, રાષ્ટ્રીય કક્ષા અને રાજ્યકક્ષાના રાજ્યના ચંદ્રક વિજેતા ખેલાડીઓને એકલવ્ય એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ તેમજ જયદીપસિંહજી બારીયા એવોર્ડ આપવાની યોજના અમલમા છે. ગુજરાત રાજ્યના જે ખેલાડીઓ છેલ્લા ત્રણ વર્ષમા રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ વિજેતા થયેલ હોય તેઓને એકલવ્ય એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ તેમજ જયદીપસીહજી બારીયા એવોર્ડ માટે અરજી કરેથી પાત્રતા ધરાવતા ખેલાડીને આ એવોર્ડ થી સન્માનીત કરવામાં આવે છે.રાજ્યના સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની સ્પર્ધાઓ અને એસોસીએશન દ્વારા રાષ્ટ્રીય કક્ષાના રાજ્યના ચંદ્રક વિજેતા ખેલાડીઓને શિષ્યવૃત્તિ અને રાષ્ટ્રીય કક્ષાના રાજ્યના ભાગ લેનાર ખેલાડીઓને માટે વૃતિકા આપવાની યોજના અમલમા છે. ગુજરાત રાજ્યના જે ખેલાડીઓ ગત વર્ષ ૨૦૨૩-૨૪ ના રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ વિજેતા થયેલ હોય તેઓને શિષ્યવૃતી માટે રૂ.૨૫૦૦/- અને ગત વર્ષે ૨૦૨૩-૨૪ ના રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ ભાગ લીધેલ હોય તેઓને વૃતિકાના રૂ.૨૦૦૦/- આપવાની યોજના અમલમાં છે.નિવૃત રમતવીરોને પેન્શન આપવાની યોજના માટે પોતાની કારકિર્દી દરમ્યાન રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રકક્ષાએ મેડલ મેળવેલ હોય તેવા રમતવીરને માસિક રૂ. ૩૦૦૦/- પેન્શન આપવાની યોજના અમલમાં છે. રાજ્યના રમતગમત મંડળોને માન્યતા અને અનુદાનની યોજના અંતર્ગત ચાલતા તેમજ નવા શરૂ કરવા અંગે યોજના અમલમાં છે.

## વડોદરામાં તબીબી વિદ્યાર્થીએ ગળાફાંસો ખાધો

વડોદરા,

વડોદરામાં એક ખુબજ ચોંકાવનારી ઘટના બની હતી જેમાં, એસએસજી હોસ્પિટલના રેસીડેન્ટ અને તબિબિ વિદ્યાર્થીએ પીજી હોસ્ટેલમાં ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવ્યાની ઘટના સામે આવી છે. અચાનક ગળે ફાંસો ખાધેલી હાલતમાં તબિબિ વિદ્યાર્થીનો મૃતદેહ મળતા ચકચાર મચી જવા પામી છે. ઘટનાને પગલે હોસ્પિટલ સત્તાધીશો તથા એસીપી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો છે અને આ અંગે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે. સરકારી હોસ્પિટલ એસએસજી હોસ્પિટલ, બરોડા મેડિકલ કોલેજ સાથે સંલગ્ન છે. બરોડા મેડિકલ કોલેજમાં ભણતા તબિબિ વિદ્યાર્થીઓ એસએસજી હોસ્પિટલમાં વિવિધ સેવાઓ આપે છે. આજે એસએસજી હોસ્પિટલમાં એનેસ્થેશિયાની રેસિડેન્ટ ડોક્ટર અને તબિબિ વિદ્યાર્થી સહાયા જેરીન ઝેવિયરે પોતાની હોસ્ટેલના રૂમમાં પંખા પર દોરી બાંધી ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું હોવાનું સામે આવ્યું છે. સહાયા જેરીન ઝેવિયર મુળ તમિલનાડુનો રહેવાસી છે. તે પીજીના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. અને આજે સવારે તેણે અગમ્યા કારણોસર પોતાના પીજી હોસ્ટેલના રૂમમાં ગળે ફાંસો ખાઈને મોત વ્હાલું કર્યું છે.

## વલસાડ પોલીસે રીઢા વૈભવી ચોરને ઝડપી લીધો

વલસાડ,વલસાડ એલસીબી પોલીસને એક મોટી સફળતા મળી છે જેમાં એક એવા ચોરને ઝડપી લેવામાં આવ્યો છે જેણે દેશના અડધો ડઝન રાજ્યોની પોલીસને દોડતી કરી હતી અને ચોરી કરવા તે માત્ર હવાઈ મુસાફરી જ કરતો અને ફાઈવ સ્ટાર હોટલમાં રહેતો હતો. સાવ સામાન્ય દેખાવ અને સીધે સાદા છોકરા જેવા લાગતા એક આરોપી યુવકનું નામ રોહિત દયાભાઈ સોલંકી ઉર્ફે રોહિત ચેતન શેટ્ટી ઉર્ફે અરહાન શેટ્ટી છે, જે મુંબઈના મુંબ્રા વિસ્તારમાં રહે છે. આરોપી વાપીમાં એક ઘરફોડ ચોરીના ગુનામાં વલસાડ એલ.સી.બી પોલીસના હાથે લાગ્યો છે અને તેની ધરપકડ બાદ તેના એક પછી એક કારનામાઓ બહાર આવી રહ્યા છે..પોલીસના હાથે ઝડપાયો ત્યારે પોલીસે આરોપી પાસે થી એક ચમચમાતી ઓડી કાર, સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત ૧૨ લાખ થી વધુનો મુદ્દામાલ પણ કબજે કર્યો હતો.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### રાપરની મુલાકાત લઈને આરોગ્ય, આંગણવાડી સહિતની સુવિધાઓની સમીક્ષા કરતાં નીતિ આયોગના નાયબ નિયામક સુશ્રી અંશિકા ગુપ્તા

ભુજ,

દયાપર ખાતે સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ કરાવ્યા બાદ આજરોજ નીતિ આયોગના નાયબ નિયામક સુશ્રી અંશિકા ગુપ્તા વિકાસશીલ તાલુકા એવા રાપરની મુલાકાતે પહોંચ્યા હતા. રાપર તાલુકાનો વિકાસશીલ તાલુકામાં સમાવેશ ભારત સરકારના નીતિ આયોગ દ્વારા કરવામાં આવ્યો છે. એસ્પિરેશનલ બ્લોકમાં સંપૂર્ણતા અભિયાન આગામી ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલશે. જેમાં વિકાસશીલ તાલુકાના નાગરિકોને સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ લાભ મળે તે માટેની રણનીતિ તૈયાર કરવામાં આવી છે.નાયબ નિયામકશ્રી સહિત મહાનુભાવોએ રાપર સામૂહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈને આરોગ્યની ઉપલબ્ધ સુવિધાઓની સમીક્ષા કરી હતી. નાયબ નિયામકસુશ્રીએ સંપૂર્ણતા અભિયાનના પ્રચાર પ્રસાર માટે આયોજિત રેલીને પ્રસ્થાન કરાવી હતી. ત્યારબાદ બાળકોને આપવામાં આવતા પોષણ અને આંગણવાડીની માળખાકીય સુવિધાઓની સમીક્ષા હેતુ નાયબ નિયામક સુશ્રી અંશિકા ગુપ્તા રાપરની આંગણવાડી ખાતે પહોંચ્યા હતા. સુશ્રી ગુપ્તાએ સ્વયં સહાય જૂથોની બહેનોના સ્ટોલની મુલાકાત લઈને તેમને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા કચ્છના એસ્પિરેશનલ તાલુકા લખપત અને રાપરમાં 'સંપૂર્ણતા અભિયાન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. 'સંપૂર્ણતા અભિયાન'માં ૦૬ ઈન્ડિકેટર્સને આવરી લેવામાં આવ્યા છે. જેમાં પ્રસુતિ પૂર્વેની સર્ગભા મહિલાઓની સારસંભાળ, ડાયાબિટીસની તપાસણી, હાયપર ટેન્શનની તપાસ, આઈડીએસ કાર્યક્રમ અંતર્ગત મહિલાઓને યોગ્ય પૂરક પોષણની ઉપલબ્ધતા, જમીનની ગુણવત્તા વધારવા માટે સોઈલ હેલ્થ કાર્ડનું નિર્માણ અને રિવોલ્વિંગ ફંડના માધ્યમથી સ્વયં સહાય જૂથોને આર્થિક મદદનો સમાવેશ થાય છે. આ તમામ ૦૬ ઈન્ડિકેટર્સને ધ્યાનમાં રાખીને તેને સંબંધિત યોજનાઓનું ૧૦૦ ટકા અમલીકરણ કરવામાં આવશે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જૂનાગઢ જિલ્લા મથકે તા.૨૫ જુલાઇ તથા તાલુકા મથકે તા.૨૪ જુલાઇના રોજ યોજાશે ફરિયાદ નિવારણ કાર્યક્રમ

જૂનાગઢ,

મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તા. ૨૫/૦૭/૨૦૨૪ ગુરૂવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે અને તા. ૨૪/૦૭/૨૦૨૪ ને બુધવારે સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. નાગરિકોએ જીલ્લા સ્વાગતમાં પોતાની રજુઆતો/ફરીયાદો/પ્રશ્નો, પુરતી માહિતી અને પુરાવા સાથેની અરજી ચાલુ માસની ૦૧ થી ૧૦ તારીખ સુધીમાં ઓનલાઈન માધ્યમથી રજુ કરવાની રહેશે. જીલ્લા સ્વાગત, જીલ્લા કક્ષાના કાર્યક્ષેત્રમાં આવતી હોઈ તેવી અરજીઓ, તાલુકા સ્વાગતમાં જે રજુઆતોનો નિકાલ ન થયો હોઈ અને અરજદાર જીલ્લા સ્વાગતમાં રજુ કરે તેવી અરજીઓનો સમાવેશ કરવાનો રહેશે. અરજદારે જે પ્રશ્નોનો નિકાલ તાલુકા સ્વાગતમાં આવી શકે તેમ હોય, તેવી રજુઆતો પ્રથમ તાલુકા સ્વાગતમાં રજુ કરવી અને તાલુકા સ્વાગતમાં જે રજુઆતો નિકાલ ન થાય તો પછી જીલ્લા સ્વાગતમાં રજુ કરવી. અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે, એક જ સમયે અનેક વિષયોને લગતી રજુઆતો કરી શકશે નહી. વેબસાઈટ પર અરજદાર ઓનલાઈન રજુઆત મોકલી શકશે. જૂનાગઢ જિલ્લા કક્ષાના પ્રશ્નો જિલ્લા કલેક્ટર કચેરી, જૂનાગઢ ખાતે તા. ૨૫/૦૭/૨૦૨૪ ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડમાં કલેક્ટરશ્રી અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે. જ્યારે તાલુકા કક્ષાના પ્રશ્નો મામલતદાર કચેરી/ગ્રામ પંચાયત કચેરી ખાતે તા. ૨૪/૦૭/૨૦૨૪ બુધવારના રોજ ૧૧-૦૦ કલાકે મામલતદારશ્રી અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેક્ટરશ્રીની યાદીમાં જણાવાયું છે

## ગીરસોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીર સોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### ગીરગઢડામાં જાહેરનામા ભંગ બદલ ત્રણ ડોકટરો વિરૂદ્ધ પોલીસમાં ફરિયાદ દાખલ

ગીર સોમનાથ ,

રાજકોટ શહેરમાં નાના મવા મેઈન રોડ પર ટીઆરપી મોલ ખાતે બનેલી આકસ્મિક આગની ઘટનાને પગલે ગીર સોમનાથ જિલ્લામાં આ પ્રકારની ગંભીર ઘટના ન બને અને આવા સ્થળોએ જતી વખતે લોકો સ્થળ પરની સુરક્ષા બાબતે સજાગ રહે અને આવા વિવિધ એકમોના માલિકો પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવે તે માટે જિલ્લાના તમામ જાહેર અને ખાનગી સ્થળો કે, જ્યાં મોટા પ્રમાણમાં લોકો એકત્ર થતાં હોય તેવી તમામ જગ્યામાં જિલ્લાના મેજિસ્ટ્રેટશ્રી દિગ્વિજયસિંહ ડી.જાડેજાએ ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જિલ્લાના તમામ જાહેર સ્થળોએ સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ ફાયર સેફટી અંગેનું પ્રમાણપત્ર, ફાયર સેફટી લે-આઉટ પ્લાન, ફાયર સેફટી અંગેના સાઈન બોર્ડ, બિલ્ડીંગ ડેવલપમેન્ટ પરમિશન, બિલ્ડીંગ યુટીલાઈઝેશન પરમિશન, હંગામી સ્ટ્રક્ચરના કેસમાં સ્ટ્રકચરલ સ્ટેબિલિટીનું પ્રમાણપત્ર, ઈલેક્ટ્રિકલ ટેસ્ટ સર્ટિફિકેટ, લિફ્ટના ઉપયોગ માટેનું લાયસન્સ તથા નિયત નમૂનાનું પ્રમાણપત્ર રાખવા તથા હોસ્પિટલમાં બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬માં થયેલ જોગવાઈ મુજબ બાયોમેડિકલ વેસ્ટનું સેગ્રીગેશન, ટ્રીટમેન્ટ અને ડિસ્પોઝ થાય અને જેથી લોકોના સ્વાસ્થ્યને તથા પર્યાવરણ પર આડઅસર ન થાય તે સારું જિલ્લાની તમામ હોસ્પિટલોને ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક: મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૦૭-૦૭-૨૦૨૪ રવિવાર

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા) આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૬) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### લીલીયા શહેરમાં માથાના દુ:ખાવા સમાન સાબિત થયેલ ગટર પ્રશ્ને આંદોલનના પગલે

# લીલીયામાં ગટર સફાઇ અભિયાનની મુલાકાતે શ્રી કસવાળા

**જાગૃત ધારાસભ્યશ્રી મહેશ કસવાળાએ ગટર સફાઇ અભિયાનની મુલાકાત લઇ અને જરૂરી સુચનાઓ આપી**

**લીલીયાનાં પમ્પીંગ સ્ટેશનમાં જઇને છેલ્લી પરિસ્થિતિનો તાગ મેળવી માર્ગદર્શન આપ્યું**

**શહેરમાં જ્યાં સુધી સંપુર્ણ રીતે સાફ સફાઇ નહી થાય ત્યાં સુધી ગટર અભિયાન યથાવત રહેશે : શ્રી કસવાળા**



લીલીયા,લીલીયા મોટા ના માથાના દુખાવા સમાન સાબિત થયેલા ગટર પ્રશ્ને થોડા દિવસો પહેલા લીલીયા ના દ્વારા આંદોલન કરવામાં આવેલ હોય ત્યારે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા વેપારીઓનિ મુલાકાતે આવેલ હોય ત્યારે ધારાસભ્ય દ્વારા વચન આપવામાં આવેલ અને કહેવામાં આવેલ કે જ્યાં સુધી સંપૂર્ણ રીતે વ્યવસ્થિત ગટર સાફ-સફાઈ નહીં થાય ત્યાં સુધી ગટર સફાઈ અભિયાન ચાલુ રહેશે ત્યારે આજ રોજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ચાલતા સફાઈ અભિયાનની સ્થળ મુલાકાત કરી અને સાથે સાથે પંપિંગ સ્ટેશનની મુલાકાત કરી પરિસ્થિતિ નો તાગ મેળવવામાં આવ્યો સાથે જ સરપંચ સાથે પ્રાથમિક માહિતી ની આપ લે કરવામાં આવેલી અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સરપંચને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ આ તકે તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી લીલીયા સરપંચ જીવનભાઈ વોરા દુધાત,ભીખાભાઈ ધોરાજીયા સહિતના તાલુકાપંચાયતસદસ્યકાર્યકરોઉપસ્થિત રહેલ તેમ મનોજ જોશીની અખબારી યાદી માં જણાવેલ છે.

# બગસરામાં ગેસના બાટલા ભરેલ ટ્રક પાછળ ટ્રક ઘુસી જતા અકસ્માત સર્જાયો



**ગેસ ગોડાઉન નજીક બનેલી અકસ્માતની ઘટના**

બગસરા,

બગસરા જેતપુર રોડ બાયપાસ પાસે આવેલ ઈન્ડિયન ગેસ ના ગોડાઉન પાસે ગેસના બાટલા ભરેલ ટ્રક વાળવા જતા પાછળથી અમરેલી થી મોટા કોટડા તરફ જતો ટ્રક કપાસ ભરવાડ જતો હતો ત્યારે ગેસના બાટલા ભરેલ ટ્રક પાછળ ખુશી અકસ્માત સર્જાયો હતો અને રોડ પર ટ્રાફિકજામ થઈ ગયું હતું કલાકો સુધી બંને ટ્રક પડ્યા હતા ત્યારબાદ બગસરા પોલીસ આવતા રોડ ખુલ્લો થયો હતો. ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ થઈ હતી.

### આશાવર્કરોની પડતર માંગણીઓના પ્રશ્ને

# ખાંભાના આશાવર્કરોએ આવેદન પત્ર પાઠવ્યું

**લઘુતમ વેતન ચુકવવા, બીલો ચુકવવા સહિત માંગણી ઉઠાવી ચિમકી આપી**



ડેડાણ,

ખાંભા તાલુકાની તમામ આશાવર્કર બહેનો દ્વારા પોતાની જૂની માંગ પૂરી ન થતાં આશાવર્કર બહેનો બહોળી સંખ્યામાં તાલુકા કક્ષા આજ રોજ એકઠા થઈ તાલુકા આરોગ્ય અધિકારી શ્રી તેમજ ખાંભાના આવેદનપત્ર આપી ધારદાર રજૂઆત કરી હતી. આશાવર્કર બહેનો ગ્રાઉન્ડ લેવલે સૌથી વધુ આરોગ્યલક્ષી કામગીરી કરતા હોવા છતાં પૂરતું વેતન મળતું ન હોઈ અને અધિકારીઓ દ્વારા સોપવામાં આવેલ ફિલ્ડ લેવલની તમામ માહિતી,સર્વે, PMVVY ની ઘરે ઘરે જઈ ડોક્યુંમેન્ટ લઈ ઓનલાઈન ની કામગીરી કરવા છતાં વેતન આપવામાં આવેલ નથી.આભા કાર્ડની મરણ, બાળ મરણ અટકાવવામાં મહત્વની કામગીરી કરનાર,રાષ્ટ્રીય તમામ કાર્યક્રમોમાં ભાગ લઈ પોલિયો નાબૂદીમાં મહત્વનો ભાગ ભજવનાર તેમજ કોરોનામાં પોતાના જીવના જોખમે કામગીરી કરવા છતાં કોઈ વળતર ચુકવણું કરવામાં આવેલ ન હોઈ તેમજ મેલેરિયા, ડેગ્યું ના સર્વેમાં આખા મહિનાના માત્ર ૨૦૦ રૂપિયા જેવી મામૂલી રકમ આપી આશા બહેનો સાથે જાણે કરવામાં આવતો હોઈ તેવું લાગી રહ્યું છે. ૬ મહિનાથી વધારે સમય થયો હોવા છતાં પગાર વધારો પણ આપવામાં આવેલ નથી. ઈન્સેન્ટીવ (વળતર)નો વધારો અપાયો ન હોવાની, ઈન્સેન્ટીવ તથા બીલોની રકમો દર મહિને નિયમિત ચૂકવાતી ન હોવાથી, ગુજરાત સરકાર દ્વારા શ્રમજીવીને મળતુ લઘુતમ વેતન પણ આપતી ન હોવાથી જ્યાં સુધી ઈન્સેન્ટીવ વધારો અને પગાર વધારો ચૂકવવામાં આવે અને ફિક્સ પગાર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.જયાં સુધી માંગ પૂરી કરવામાં નહિ આવે ત્યાં સુધી ખાંભા તાલુકાની તમામ આશાવર્કર બહેનો તમામપ્રકારની કામગીરી બંધ કરવાની ચીમકી ઉચ્ચારી. હતી.

### પાંચાળનું પ્રગટ પીરાણુ અને લાખો લોકોની શ્રધ્ધાના કેન્દ્ર એવા

# વિહળધામ પાળિયાદમાં અમાસ પર્વે શ્રદ્ધાળુઓ ઉમટ્યાં

**દર અમાસે ઠાકર દર્શન,પ્રસાદ, ક્રિતનો લાભ લઇ ધન્યતા અનુભવતા હજારો ભાવિકજનો**



રાજુલા,(કનુભાઈ વરૂ) પાંચાળનું પ્રગટ પિરાણુંઅનેલાખોલોકોનીશ્રધ્ધાનુંકેન્દ્ર એવા પરમ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યા પાળિયાદમાં દર અમાસે લાખો લોકો ઠાકર દર્શનનો,પ્રસાદનો અને કીર્તનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવે છે.ઠાકરના લાખો સેવકોના હૃદયમા વિહળધામ અને પાળિયાદ ઠાકર પ્રત્યે અનન્ય શ્રદ્ધા અને સાથે અમાસનું ખૂબ મહાત્મ્ય છે.વિહળધામ પાળિયાદની પાવન ધરા પરમ પુજ્ય શ્રી વિસામણબાપુની દેહાણ પરંપરાની જગ્યા છે, કે જ્યાં સદાવ્રત,ભજન અને ભક્તિરૂપી ત્રણ ધર્મ ધ્વજસ્તંભ અવિરત ઉભા છે. 'ટુકડો ત્યાં હરિ ઢૂંકડો' એ વિચારબિંદુને સફળ કરતાં ઠાકરના પરિસરમાં અહીં ચોવિસે કલાક રોટલો 'ને ઓટલો મળી રહે છે.પુજ્ય વર્ષો પહેલા ઘી, ગોળ અને ચોખાની પ્રસાદીનું સદાવ્રત શરૂ કરેલ,તે અવિરત સેવાગંગા આજે પણ શરૂ છે અને હજારો,લાખો શ્રધ્ધાળુ ભાવિકો, યાત્રિકો અને દિન દુ:ખિયા ઠાકરના ચરણે મસ્તક નમાવી દિવ્યતા,ભવ્યતા અને ધન્યતાનો અનુભવ કરી ઠાકરનો પ્રસાદ લે છે.પરમપુજ્ય શ્રી ઉનડબાપુએ ભાવિકોને ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકર વિહળાનાથના દિવસે ધજા ચડાવવાની પરંપરા આરંભેલી જે આજેપણ અવિરત શરું છે.જે કોઈ સેવકની ધજા અને રસોઈ લખાવેલ હોય, એ પુણ્યશાળી ઠાકર સેવકો દર અમાસે વારા પ્રમાણે લખાવેલ રસોઈ અને ધજાની સેવાનો લાભ મળે છે. અમાસના દિવસે ધજા અને રસોઈના યજમાન પરિવાર પ્રથમ બ્રાહ્મણો દ્વારા ધજાનું પૂજન કરાવી, ત્યાર બાદ ઢોલ- સાથે વાજતે ગાજતે ધજાને પરિવારના લોકો માથે ચડાવી, ધજાગરા પાસે આવે છે અને ત્યાં પાળીયાદ જગ્યાના મહંત પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ઊનડબાપુ ધજાને વધાવે છે, નમન કરી માથે ચડાવે છે અને પછી ધજા ચડાવવામાં આવે છે. આ કાર્યક્રમ દર અમાસના દિવસે હોય છે. પાળીયાદના શ્રધ્ધાળુ અમાસ ભરવા અને દર્શન કરવા ખૂબ મોટી સંખ્યામા દૂર દૂરથી આવે છે. આ સંખ્યા આજની તારીખે વધતી વધતી એક લાખથી ઉપર પહોંચી ગઈ છે, જે પૈકી સિત્તેરથી એંસી હજાર ભાવિકો પ્રસાદ લે છે. અમાસના દિવસે પાળીયાદમાં લોક મેળા જેવો માહોલ હોય છે. લોકો આવે છે, પ્રભુશ્રી રાઘવેન્દ્ર સરકાર અને વિહળાનાથની સમાધિ સ્થાન દેવળે માથુ નમાવી માનતા કે પ્રાર્થના કરે છે અને આશીર્વાદ મેળવે છે. પાળીયાદના ઠાકરને રોકડિયો ઠાકર કહેવામાં આવે છે,જે ભક્તોનાં મનની ઈચ્છા તરત પુરી કરે છે. શ્રધ્ધાળુ ત્યાં વંશ પરંપરાગતના ઠાકર અને મહંતની સમાધિ સ્થાન દેરીએ માથું નમાવી, દર્શન અને પ્રાર્થના કરીને આશીર્વાદ મેળવે છે. હાલના શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્માળાબા ઉનડબાપુના ચરણ સ્પર્શ કરી, બાળઠાકર શ્રી પૃથ્વીરાજબાપુનાં દર્શન કરી અને જગ્યાના સંચાલક અને અખિલ ભારતીય સંત સમિતિના કાયમી સદસ્ય પૂજ્ય શ્રી ભયલુબાપુનાં દર્શન કરીને વિસામણ બાપુના જન્મ સ્થળ ઓરડાનાં દર્શન અને પરચા પૂરતો પાણીના અવેડાનું ચરણામૃત લઈને ગૌસેવા માટે બનાવેલ શ્રી બણકલ ગૌશાળા, કે જ્યાં વધુ ગાયો રાખેલ છે, એની મુલાકાત લે છે. ગૌમાતાને સ્પર્શ અને વહાલ કરીને ગૌરજ માથે ચડાવે છે, અશ્વશાળાની મુલાકાત લે છે.અને જૂની વિન્ટેજ કારનું કલેકશન લોકોને નિહાળવા માટે જગ્યા દ્વારા કાચના શો કેસ બનાવીને ખુલ્લું મૂકેલ છે. જે ખૂબ આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. લોકો અહીં ફોટોગ્રાફી કરે છે ત્યારબાદ પ્રસાદ આરોગે છે અને ખૂબ ધન્યતા અને દિવ્યતાના ભાવ અનુભવ સાથે પોતાના ગામ તરફ પ્રસ્થાન કરે છે. પગપાળા દર્શને પણ ખૂબ લોકો આવે છે જે અમાસની આગળના દિવસે રાત્રીના સમયે આવી જાય છે અને ઉતારો કરે છે. આવી રીતે અમાસનો આખો દિવસ પાળીયાદમાં શ્રધ્ધાળુઓની ખૂબ ભીડ રહે છે. રણુજાના અને બારબીજના ધણી રામદેવપીરના અવતાર પુજ્ય વિસામણબાપુને માનવામા આવે છે. એના અનેક ઐતિહાસિક પુરાવા પણ છે અને ઠાકોરના હજારો પરચા એની સાક્ષી પુરે છે.જેમને પાળીયાદના ઠાકરની ઉપમા પણ છે અને રામદેવપીરના વરદાન પ્રમાણે 'પેઢીએ પીર અને સવાયા પીર થશે' - એ વચનનું સત્ય સમયે સમયે નજરે જોઈ શકાય આ માસની અમાસ નિમિતેની રસોઈ- પ્રસાદ અને ધ્વજારોહણનો લાભ વિહળ પરીવારના અનન્ય સેવક શ્રી મનસુખભાઈ નરસિંહભાઈ તુરખિયા (મુ-બગડ, હાલ વડોદરા) એ લીધો હતો. આજે ઠાકરની અમાસ હોવાથી આજે એક લાખથી વધુ શ્રધ્ધાળુઓ ઠાકરનાં દર્શન માટે ઉમટી પડ્યા હતા. સહુએ ઠાકરના દર્શન અને પ્રસાદનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

# જાફરાબાદ પાલિકા ની પ્રિ મોન્સુન કામગીરી પર પ્રશ્નાર્થ ?



જાફરાબાદ,

જાફરાબાદના તુર્કી મહોલ્લા, જુની કોર્ટ ના ના વિસ્તારમાં હુસેની ચોક વિસ્તારમાં કાદવ કીચડ અને દુર્ગંધ મારતું ગટરના ગંદા પાણી ભરાઈ રહેતું હોય, વારંવાર નગરપાલિકા ને જાણ કરવા છતાં તંત્ર ના આંખ આડા કાન. આગામી દિવસોમાં મહોરમ તહેવાર આવતા હોય અહીં રહેતા રહીશો દ્વારા સાફ સફાઈ ની માંગ.અતિશય ગંદવાડ ના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધે અને ફેલાય તો જવાબદાર કોણ? નગરપાલિકા ના જવાબદાર અધિકારી દ્વારા જયાં જયાં ગંદા પાણી ભરાઈ તે વિસ્તારની મુલાકાત લય સાફ સફાઈ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સુવિધા :
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર આંખના નંબરની યોગ્ય તપાસ કરવાનું અતિ આધુનિક PHOROPTER TOPCON મશીન(જાપાન)
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર મોતીયાના ઓપરેશન માટે આધુનિક OERTLI ફેકો મશીન (સ્વીઝરલેન્ડ)
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર નેત્રમણી (LENS) નું માપ લેવા માટે DGH મશીન (અમેરીકા)
● અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર VINYL FLOORING અને AIR PURIFIER થી સજ્જ અધતન ઓપરેશન થીયેટર
● ઓપરેશન માટે ZEISS MICROSCOPE (જર્મની)
● ઝામરની તપાસ માટે I - CARE મશીન (ફીનલેન્ડ) અને AP-PLANATION મશીન (સ્પેન)
● આંખની સંપુર્ણ તપાસ માટે SLITLAMP TOPCON (જાપાન)
● આંખનું માપ લેવા માટે ઓટોમેટીક KR-1 (જાપાન) દરેક પ્રકારના મેડીક્લેઇમની સુવિધા
● સ્પેશ્યલ તથા સેમી સ્પેશ્યલ રૂમની સુવિધા
● દવાઓ તથા આધુનિક ચશ્મા હોસ્પિટલમાં જ ઉપલબ્ધ
-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઇઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025
પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઇઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
એપોઇન્ટમેન્ટ માટે : Mo.70169 65665

**શ્રી સાળવા પ્રાથમિક શાળા તા.ખાંભા, જી.અમરેલી**

**જાહેર હરરાજી**

આથી રસ ધરાવતા તમામ ભાઈઓ અને બહેનોને જાણ કરવામાં આવે છે કે, ખાંભા તાલુકાની શ્રી સાળવા પ્રા.શાળામાં ૩ (ત્રણ) પાકા સ્લેબ વાળા રૂમ જર્જરીત થતા તેના ઈમલાની જાહેર હરરાજી તારીખ ૨૫-૦૭-૨૦૨૪ ને ગુરૂવારના રોજ બપોરે ૦૧:૦૦ કલાકે પ્રાથમિક શાળાના મેદાનમાં રાખેલ છે. તેના ઈમલાની અપસેટ કિંમત રૂ.૧,૦૨,૦૦૦ છે તો રસ ધરાવતા ઈસમોએ હરરાજીમાં ભાગ લેવા માટે ડીપોઝીટ પેટે રૂ.૧૦,૦૦૦ ભરવાના રહેશે અને હરરાજી મંજુર થતા ૫૦% રકમ સ્થળ પર જ ભરવાની રહેશે જ્યારે બાકીની શરતો સ્થળ પર સંભળાવવામાં આવશે. તો રસ ધરાવતા ભાઈઓ અને બહેનોએ હાજર રહેવા જણાવવામાં આવે છે.

નોંધ : હરરાજીમાં ભાગ લેનાર તમામ ઈસમોએ આધારકાર્ડની ઝેરોક્ષ ફરજીયાત લાવવાની રહેશે

લી. શાળા વ્યવસ્થાપન સમિતિ સાળવા
ગામ : સાળવા, તા.ખાંભા, જી.અમરેલી

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૧૪૫-૨૦૨૪............મુ.તા.૦૮-૦૮-૨૦૨૪
અરજદાર : નરસીભાઇ માવજીભાઇ કાકડીયા રહે.મોટા બારમણ, તા.ખાંભા
અરજદારના વિ.વ.શ્રી જી.એસ.સમ્મા
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી મોટા બારમણ, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પુત્રી કાજલબેનનો જન્મ તા.૦૧-૦૫-૧૯૯૧ નારોજ ગામ મોટા બારમણ તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પુત્રીના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૦૮-૦૮-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઇ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૦૩-૦૭-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

છેલ્લા પાનાનું.- **પાણી વિતરણ** હોવાથી ચાવંડ પમ્પિંગ સ્ટેશન પરથી પાણીપુરવઠો મેળવતા અમરેલી જિલ્લાની વિવિધ ૯ જૂથ પાણી પુરવઠા યોજનાઓમાં સમાવિષ્ટ લાભાર્થી શહેરો અને ગામોને, જુલાઈ-૨૦૨૪ની તા.૧૦ થી તા.૧૪ સુધી પાંચ દિવસ શટડાઉન રહેવાના કારણે પાણી પુરવઠો પ્રાપ્ત થઈ શકે તેમ નથી. આ પાઈપલાઈનના માધ્યમથી હેડવર્ક્સ દ્વારા પાણી મેળવતી તમામ ગ્રામ પંચાયત તથા નગરપાલિકાઓને આ સમય દરમ્યાન સ્થાનિક કે અન્ય સ્રોતમાંથી પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થા સ્થાનિક કક્ષાએ કરવા સહકાર આપવા અનુરોધ છે. આ સમયગાળા દરમિયાન સંબંધિત સંસ્થાઓએ જરુરી વ્યવસ્થા કરી ગુજરાત પાણી પુરાવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને આ કાર્યમાં સહકાર આપવા જાહેર જનતાને તથા સ્થાનિક સંસ્થાઓને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, અમરેલીના કાર્યપાલક ઈજનેરશ્રીએ એક યાદીમાં અનુરોધ કર્યો છે.

### ચાવંડ સંપમાં રિપેરીંગ કામગીરીને કારણે ઉપરથી સ્ત્રોત બંધ થયે

# અમરેલીની નગરપાલિકા પોતાના સ્ત્રોત મુજબ પાણી વિતરણ કરશે

### લોકોએ પાણીનો બચાવ કરવા નગરપાલિકા દ્વારા અપીલ

અમરેલી,

અમરેલી નગરપાલિકાને ચાવંડ ઝોનમાંથી પીવાનું પાણીનું વિતરણ થયું હોય. જેના રિપેરીંગ કામના કારણે અમરેલી શહેરના ભકિતનગર, જેસીંગપરા, તારવાડી, બ્રાહ્મણ સોસાયટીમાં સ્કોપ મુબજ પાણી વિતરણ કરવામાં આવશે. જેથી લોકોને પીવાના પાણીનો બચાવ કરવા અમરેલી નગરપાલિકા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. અને ઉપરનું કામ વહેલી તકે રીપેરીંગ પુર્ણ થતાં અમરેલી શહેરમાં રાબેતા મુજબ પાણી વિતરણ શરૂ કરવામાં આવશે. તેમ એન્જીનિયર ચિરાગભાઈની યાદીમાં જણાવાયું છે.

### ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકીનાં વરદ હસ્તે

# કડીયાળીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

### એક પેડ માં કે નામ અનુલક્ષીને વૃક્ષારોપણ કર્યુ



રાજુલા, (કનુભાઈ વરૂ)

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં એક પેડ માં કે નામ ના આહવાનને અનુસરીને આજે જાફરાબાદ તાલુકા અને શહેર દ્વારા આયોજિત સ્વામી વિવેકાનંદ વન કાર્યક્રમ અંતર્ગત યુવાઓ સાથે ધારાસભ્ય હીરાભાઈ સોલકીએ વૃક્ષારોપણ કર્યું. સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના સ્ટેટ કોઓર્ડીનેટર શ્રી કૌશલભાઈ દવે ,ઝોન સંયોજક શ્રી બ્રિજરાજસિંહ ગોહિલ ,અમરેલી જિલ્લા સંયોજક શ્રી ચેતનભાઈ ધાનાણી ના માર્ગદર્શન હેઠળ જાફરાબાદ તાલુકાના કડીયાળી માધ્યમિક શાળા ખાતે હાજરી આપી હતી. આ તકે રાજુલા તાલુકા પંચાયત ના પ્રમુખ બાલાભાઈ કોટડીયા.તાલુકા પંચાયત ઉ.પ્રમુખ કરશનભાઈ પરમાર સંગઠના પ્રમુખ દિનેશદાદા ત્રવેદી. ગ્રામપંચાયત સરપંચ સવજીભાઈ મકવાણા પુર્વ સદસ્ય મંગાભાઈ મકવાણા.ગામના આગેવાનો તથા યુવામિત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વલ્લભીપુરમાં ૪ ઇંચ, ઉમરાળા ૩ ઇંચ, ભાવનગરમાં ૨ ઇંચ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં છુટો છવાયો હળવો ભારે વરસાદ


**પ્રોપર્ટી લેવી છે. પરંતુ... ભાવ... અધધધ... શું કરવુ ?**

જંત્રી વધે છે, સ્ટેમ્પ ડયુટી વધે છે, સગવડતા વધે છે,
વસ્તી વધે છે પણ જમીન વધતી નથી
પણ મોંઘવારી અને પ્રોપર્ટીના ભાવ સતત વધ્યે જાય છે
કંઇ જ સસ્તુ થતુ નથી... વિચાર કરવામાં રહી જવાય છે
હજુ વિચાર કરશો તો વધુ મોંઘુ પડશે માટે...
''કલ કરે સો આજ કર, આજ કર સો અબહી કરે''
વાળી યુક્તીને ધ્યાને લઇ સાહસ કરશો તો જ પ્રોપર્ટી લેવાશે

મકાન - દુકાન - પ્લોટ - ફલેટ
ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ - ખેતીની જમીન
તેમજ પ્રોપર્ટી લેવા - વેચવા કે ભાડે - દેવા
માટે આજે જ સંપર્ક કરો

લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪

**સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**


કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા

મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
મારૂતિ સુઝુકી (ઓથોરાઈઝ્ડ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી
Alpha Autolink




જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. ☎: 02792 - 222208 ©: 94264 23006
madhuvan gold art | madhuvangold.in

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE I SPARE I INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ
તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં
રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com




Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર +પાસીંગ — ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC — પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫


## પ્રકૃતિ એજ્યુકેશનલ એન્ડ વેલફેર ટ્રસ્ટ દ્વારા સંચાલિત

# શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર

ગુરૂકૃપાનગર-૨, શેરી નં. ૧,બ્લોક નં. ૧૦૦-એ, ચિતલ રોડ, અમરેલી

જરૂરિયાતમંદ વ્યકિતઓને બંને ટાઇમનું ભોજન ઘરે પહોચાડતી અમરેલીની સેવાકીય સંસ્થા

**કિસીકી મુસ્કુરાહટો પે હો નિશાર કિસીકા દર્દ મીલ સકે તો લે ઉઠા કિસીકે વાસ્તે તેરે દિલ મેં હો પ્યાર જીના ઉસીકા નામ**

વૃદ્ધાવસ્થા એક એવી અવસ્થા છે જેમાં સંવેદનાનો સાથ જોઇએ વડીલોને બે ટકનો પેટનો ખાડો પુરાય એટલે તેમના ચહેરાની રેખાઓ બદલી જાય આવા વૃધ્ધ, અશક્ત, એકલા રહેતા હોય, હાથે કરી શકતા ન હોય તેવા વડીલોને બપોરે ૧૨૦ અને સાંજે ૧૦૦ જેટલા વડીલોને ટીફીન દ્વારા ભોજન પહોંચાડાય છે.

**શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર અમરેલી તા.૦૧-૦૬-૨૦૨૪ થી તા.૩૦-૦૬-૨૦૨૪ સુધી ના દાતાશ્રીઓ ની યાદી**

| રકમ | દાતાશ્રીનું નામ | રકમ | દાતાશ્રીનું નામ |
|---|---|---|---|
| ૫૦૦ | શ્રી બાવજીભાઈ બી. રાણવા | ૧૦૧ | જયકાંતભાઈ અધ્યારૂ અમરેલી (માસિક હુંડી) |
| ૧૦૦ | જગદિશભાઈ જોષી | ૫૦૧ | શ્રી નટવરલાલ હરીલાલ કારીયા (માસિક હુંડી) |
| ૨૦૦ | મોહનલાલ આર. જાદવ | ૫૦૦ | વેદાંતભાઈ ભરતભાઈ મહેતા (માસિક હુંડી) |
| ૫૫૦૦ | અશોકકુમાર નટવરલાલ પંડ્યા | ૫૦૦ | શ્રી રમણીકભાઈ ગીરધરભાઈ અમરેલીયા (માસિક હુંડી) |
| ૫૦૦૦ | સંજયકુમાર બાલાશંકર ત્રીવેદી | ૧૦૦૦ | સ્વ.ફુલચંદભાઈ ડાયાભાઈ પાંચસેરીયા (માસિક હુંડી) |
| ૧૫૦૦ | વિજયરાજ એમ. અગ્રાવત | ૧૦૦૦ | શ્રી રતીગીરી ઈશ્વરગીરી ગોસાઈ (માસિક હુંડી) |
| ૫૦૦ | પુકારભાઈ પ્રીતમભાઈ સંચાણી | ૧૧૦૦ | શ્રી સ્વ. મનુભાઈ પ્રાણજીવનદાસ પારેખ હ.નીખીલભાઈ પારેખ (માસિક હુંડી) |
| ૫૦૧ | મિહીરભાઈ પંડ્યા | ૧૦૦૦ | શ્રી ચોક્સી બ્રધર્સ આભુષણ જ્વેલર્સ (માસિક હુંડી) |
| ૭૦૦૦ | પોપટભાઈ કાનજીભાઈ રોકડ | ૩૦૦ | શ્રી દુર્ગાશંકર ગીરજાશંકર મહેતા (માસિક હુંડી) |
| ૫૦૦ | અશોકભાઈ રાવળ | ૫૦૦ | શ્રી કીરીટભાઈ મુળદાસજી દુધરેજીયા (માસિક હુંડી) |
| ૧૦૦૦ | દિપકભાઈ બી. લંબાટે | ૨૦૦ | શ્રી નવીનભાઈ પ્રતાપભાઈ જોષી (માસિક હુંડી) |
| ૭૦૦૦ | મોહન નગર મીત્ર મંડળ | ૫૦૦ | શ્રી મુક્તાબેન બચુભાઈ રૂપારેલીયા (માસિક હુંડી) |
| ૮૧૧ | કે. પી. ટ્રેડર્સ પ્રવિણભાઈ પારેખ | ૧૦૦૦ | શ્રી મુકુંદરાય ગુણવંતરાય મહેતા (માસિક હુંડી) |
| ૫૦૦ | વી. બી. મકવાણા | ૧૦૦૦ | શ્રી વર્ષાબેન મુકુંદરાય મહેતા (માસિક હુંડી) |
| ૫૧૦૦ | શ્રી કમલેશભાઈ કનૈયાલાલ પરીખ | ૧૦૦૦ | શ્રી સંજયભાઈ મુકુંદરાય મહેતા (માસિક હુંડી) |
| ૧૫૦૦ | શ્રી પુર્વીબેન સંગાથભાઈ જોષી | ૧૦૦૦ | શ્રી ભાવનાબેન સંજયભાઈ મહેતા (માસિક હુંડી) |
| ૧૫૦૦ | શ્રી ખનક સંગાથભાઈ જોષી | ૧૦૦૦ | શ્રી સાગરભાઈ સંજયભાઈ મહેતા (માસિક હુંડી) |
| ૧૫૦૦ | શ્રી સંગાથભાઈ શ્રીધરભાઈ જોષી | ૧૫૦૦ | ગૌ.વા.હર્ષદરાય જેઠાલાલ દેસાઈ (માસિક હુંડી) |
| ૧૧૦૦ | શ્રી નવનીતભાઈ ભોજક | ૫૦૦ | શ્રી બહાદુરસિંહ જેઠુભા ચૌહાણ (માસિક હુંડી) |
| ૭૫૦ | શ્રી પ્રવિણભાઈ નાનજીભાઈ ગલોલીયા | ૫૦૦ | ગૌ.વા.અશ્વિનભાઈ બી. પારેખ (માસિક હુંડી) |
| ૫૧૦૦ | શ્રી હેતલબેન વૈભવભાઈ શાહ | ૫૦૦ | ગૌ.વા.જસવંતરાય જગન્નાથભાઈ જાની (માસિક હુંડી) |
| ૫૦૦ | શ્રી કીશોરભાઈ મેઘજીભાઈ જેઠવા (માસિક હુંડી) | ૧૦૦૦ | સ્વ.કનુભાઈ બી. ભટ્ટ (માસિક હુંડી) |
| ૧૦૦૦ | શ્રી અબીંદ્રભાઈ એમ દોશી (સ્વ.સુરેખાબેન અશ્વિનભાઈ શાહની સ્મૃતીમાં) | ૫૦૦ | શ્રી હિરાબા નલીનકાંત મહેતા (માસિક હુંડી) |
| ૧૦૦૦ | શ્રી દેવીનાબેન શશાંકભાઈ બાટવીયા (સ્વ.સુરેખાબેન અશ્વિનભાઈ શાહની સ્મૃતીમાં) | ૩૦૦ | શ્રી રાધાબેન રવજીભાઈ રાઠોડ (માસિક હુંડી) |
| ૧૦૦૦ | શ્રી મહેતા ભગીરથભાઈ જેન્તીલાલ (સ્વ.ઇંદુબેન મહેતાના જન્મદિવસની શુભેચ્છા) | ૫૦૦ | શ્રી જીગ્નેશભાઈ જે. મોદિ (માસિક હુંડી) |
| ૫૦૦ | પ્રો.એસ. આર. રોય સાહેબ | ૫૦૦ | શ્રી ભાર્ગવ જ્વેલર્સ મનહરભાઈ સોની (માસિક હુંડી) |
| ૨૦૦૦ | શ્રી મૌલીકભાઈ પી. દુધાત | ૧૦૦૦ | શ્રી ભીખુભાઈ એન. અગ્રાવત (માસિક હુંડી) |
| ૬૦૦૦ | શ્રી સરોજબેન અશ્વિનભાઈ પંચમીયા | ૫૦૦ | સ્વ.ગુણવંતરાય ડી. પંડ્યા (માસિક હુંડી) |
| ૫૦૦ | શ્રી બાબુભાઈ ગલાભાઈ ચૌહાણના જન્મદિવસ નીમીતે | ૫૦૦ | ગૌ.વા.બાબુભાઇ હીરજીભાઇ રાજા (માસિક હુંડી) |
| ૩૧૦૦ | શ્રી અજયભાઈ ચીત્તલીયા | ૫૦૦ | ગૌ.વા.કુંદનબેન બાબુભાઇ રાજા (માસિક હુંડી) |
| ૩૧૦૦ | શ્રી શીવાંશભાઈ અમીતભાઈ હિંગુના જન્મદિવસ નીમીતે | ૧૦૦૦ | શ્રી ભવનેષભાઈ પરીખ સરજુ જ્વેલર્સ (માસિક હુંડી) |
| ૫૦૦ | શ્રી શીવભાઈ પંડ્યા | ૧૦૦૦ | માધવ ઘનશ્યામભાઈ પરીખ સરજુ જ્વેલર્સ (માસિક હુંડી) |
| ૫૦૧ | સ્વ.રજનીભાઈ ડી. મહેતા | ૧૦૦૦ | ધર્મેશકુમાર ગુણવંતરાય ગઢીયા (માસિક હુંડી) |
| ૫૦૦ | સ્વ.રજનીભાઈ ડી. મહેતાની પુણ્યતીથી નીમીતે હ.આશીષભાઈ | ૫૦૦ | ગૌ.વા.ભદ્રાબેન રસીકભાઇ ચચ્ચા સાહિબા સાડી (માસિક હુંડી) |
| ૫૦૦ | શ્રી ભાવનાબેન રાજેશકુમાર લાખાણી | ૧૦૦૦ | નટુભાઈ જી. ઠક્કર તાતણીયા વાળા (માસિક હુંડી) |
| ૭૦૦૦ | શ્રી પોપટભાઈ કાનજીભાઈ રોકડ (માસીક ભોજન) | ૧૫૦૦ | સ્વ. બકુલાબેન ગજેન્દ્રભાઈ ત્રીવેદી સ્વ.ગજેન્દ્રભાઈ એન.ત્રીવેદી |
| ૧૧૦૦૦ | શ્રી હિરાભાઈ રામજીભાઈ મારૂ (સ્વ.સુરેશભાઈ હિરાભાઈ મારૂના સ્મરણાર્થે) | ૫૦૦ | અનીતાબેન મનસુખાણી |
| ૫૦૦ | શ્રી ધર્મેશભાઈ યોગેશભાઈ જોષી (સ્વ.યોગેશભાઈ જોષીની પુણ્યતીથી નીમીતે) | ૧૧૦૦૦ | વીરગ એલ. જાની, રસીલાબેન એલ. જાની (સ્વ.લલીતકુમાર જાનીની પુણ્યતીથી નીમીતે) |
| ૧૨૦૦૦ | શ્રી અમીબેન વૈષ્ણવ | ૧૧૦૦ | સ્વ. વીજયાબેન કરૂણાશંકર મહેતા હ.નંદલાલભાઈ દિપકભાઈ મહેતા |
| ૫૦૦ | શ્રી રામભરોસે | | |

**-:: વસ્તુ સ્વરૂપે ભેટ ::-**

જય જલારામ ફરસાણ તરફથી ૧.૫ કીલો સેવની સેવા - ભગવતી ફરસાણ તરફથી ૧.૫ કીલો સેવાની સેવા - અક્ષર ટ્રેડર્સ નીમક ૧ કટ્ટાની સેવા - જયશ્રીબેન તથા હરેશભાઈ નગીનભાઈ જોષીની લગ્નની વર્ષ ગાંઠ નીમીતે ધ્યાંશ દિવ્યેશભાઈ જોષીના અન્નપ્રાશન નીમીતે ગુંદીના લાડવા ૫ કીલો,ગાંઠીયા ૨ કીલો - રીતેષભાઈ અનીલભાઈ ઉપાધ્યાય સ્વ.અનીલભાઈ બી. ઉપાધ્યાયની પુણ્યતીથી નીમીતે કેરીના બોક્ષ નંગ ૩ - અંકીતકુમાર પંડ્યા ચોખા જીરાસર ૨૦ કીલોની સેવા - જીતુભાઈ ગોળવાળા તરફથી ૧૦ કીલો ગોળની સેવા - માધવ ટ્રેડર્સ ફાયર સેફ્ટી રીફીલ નંગ ૧ની સેવા - હંસાબેન રમણીકભાઈ દાવડા ચોખા ખીચડીયા ૫૦ કીલોની સેવા - સ્વ.ગુલાબબેન શાંતીલાલ અધ્યારૂ હ.ગીરીશભાઈ અધ્યારૂ ગુંદીના લાડુ ૬ કીલો, ગાંઠીયા ૬ કીલોની સેવા - અ.સૌ.સ્વ.પ્રવિણાબેન અરૂણભાઈ વ્યાસ જેઠ સુદ આંઠમ પુણ્યતીથી નીમીતે હ.અરૂણભાઈ વ્યાસ ૨ પેટી કેરીની સેવા - દિક્ષા કેમીકલ નયનભાઈ પટેલ તરફથી લીકવીડ ૧૦ લી.,ફીનાઈલ ૧ બોટલ, એસીડ ૧ બોટલ - ભરતભાઈ ભીખાભાઈ ટાંક તરફથી જીરાસર ચોખા ૨૬ કીલો,મગફાડા ૧૦ કીલોની સેવા - જયભાઈ સુધીરભાઈ કાનાબાર હ.બીનાબેન તરફથી ઈડલી શાંભારની સેવા - હરેશભાઈ કીર્તનભાઈ કાનાણી તરફથી જીરાસર ચોખા ૩૦ કીલોની સેવા

**આ સંસ્થામાં વડીલ વંદનામા આપે આપેલુ દાન કલમ ૮૦ જી મુજબ કરમુક્ત છે**

શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર, ગુરૂકૃપાનગર, શેરી નં.-૧, મો.૯૪૦૮૯ ૪૭૪૩૪ | જય ખોડીયાર મોબાઇલ, રાજકમલ ચોક, મો.૯૯૧૩૯ ૯૯૯૧૯ | ભાટીયા પરમાણંદ ચાંપશી, હસુભાઇ સંપટ જૈન દેરાસર પાસે, જુની બજાર, ૦૨૭૯૨ - ૨૨૩૧૫૮ | પેન્ટર ડી.જી.મહેતા, માસિક હુંડી માટે, મો.૯૪૨૭૨ ૫૨૯૧૧


રજી.સે.શ.૩૬૭૫૨　　॥ સત્યમેવ જયતે ॥　　ઓડીટ વર્ગ 'અ'

**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**

**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧) ૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૨૨૯૯

